Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૪૦ · તા. ૨૭ સપ્ટેમ્બર થી ૦૩ ઑક્ટોબર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન યુવક મંડળ, બૃહદ ગાંધીધામ વિસ્તાર દ્વારા આયોજીત "વિદ્યા શક્તિ એવોર્ડ-૨૦૧૪" સરસ્વતી સન્માન કાર્યક્રમની અવિસ્મરણીય ઝલકો.....




દિપ પ્રાગટ્ય કરતા ક.દ.ઓ. જૈન યુવક મંડળ, ક.દ.ઓ. જૈન મહાજન-ગાંધીધામ, કચ્છ એકમ તથા એકતા મહિલા મંડળ ના પ્રતિનિધીઓ




શેઠશ્રી નરશી નાથા તથા સરસ્વતી દેવીને હારારોપણ કરતા ક.દ.ઓ. જૈન યુવક મંડળના સભ્યો



ગાંધીધામ મહાજન પ્રમુખ મિતેશ ધરમશીનું સન્માન કરતા મંડળ પ્રમુખ મિતેશ મોતા



કચ્છ એકમ પ્રમુખ રમેશભાઈ દંડનું સન્માન કરતા મંડળ માનદ્ મંત્રી કેતન લોડાયા



ડૉ. મધુકાન્તભાઈ ધરમશીનું સન્માન કરતા મંડળ ખજાનચી જીગર મૈશેરી



હરીશભાઈ ખોનાનું સન્માન કરતા મંડળ ઉપપ્રમુખ હિમાન્શુ લાલકા



પદમશીભાઈ લાલકાનું સન્માન કરતા મંડળ સહખજાનચી ધવલ લોડાયા



પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા મિતેશભાઈ ધરમશી



પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા રમેશભાઈ દંડ



પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા ડૉ. મધુકાન્તભાઈ ધરમશી



પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા પદમશીભાઈ લાલકા



પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા મધુકાન્તભાઈ લોડાયા




વિદ્યા શક્તિ એવોર્ડ-૨૦૧૪ ના મંચ પર બિરાજમાન મહાનુભાવો તથા દાતા પરિવારો



સ્વાગત પ્રવચન કરતા મંડળ પ્રમુખ મિતેશ મોતા



કાર્યક્રમનું સંચાલન કરતા મંડળ ના વિપુલ લાલકા



કોમ્પીટીશનનું સંચાલન કરતા મંડળ ના ખજાનચી જીગર મૈશેરી



આભાર વિધિ કરતા મંડળ ના માનદ્ મંત્રી કેતન લોડાયા

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન યુવક મંડળ, બૃહદ ગાંધીધામ વિસ્તાર દ્વારા આયોજીત

# ''વિદ્યા શક્તિ એવોર્ડ-૨૦૧૪'' સરસ્વતી સન્માન કાર્યક્રમની અવિસ્મરણીય ઝલકો.....



(Estd - 1904)

# Shree Virji Ladhabhai Kutchhi Dasha Oswal Jain Vidyarthigriha

New Laxmi Niwas, Cama Lane, Kirol Road, Ghatkopar (West), Mumbai - 400 086.
**PHONE 2513 3174 / 25100157**

પ્રિય જ્ઞાતિજનો/શિક્ષણપ્રેમીઓ, તા. ૨૨.૦૯.૨૦૧૪

જય જિનેન્દ્ર,

**બાબત : આપણી બોર્ડિંગના પુનર્સર્જનમાં સહભાગી થવાની સુવર્ણ તક / અપીલ**

જ્ઞાતિના વડવાઓએ જોયેલ સ્વપ્નમાંથી સર્જન પામેલ શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહે આજે છેલ્લા દસ દાયકાથી જ્ઞાતિના - વિદ્યાર્થીઓને મુંબઈ જેવા મેટ્રોપોલીટન સીટીમાં રહી અભ્યાસ કરવાની સગવડતા પૂરી પાડી છે તેમજ વિદ્યાર્થીગૃહને સમય સાથે આજની જરૂરિયાત મુજબ અલ્ટ્રામોર્ડન કરવાનું સપનું આપણા આજના વડીલોએ જોયું જે હવે ટૂંક સમયમાંજ પૂર્ણ થવા જઈ રહ્યું છે.

વર્ષ ૧૯૦૩ માં સ્થાપેલ વિદ્યાર્થીગૃહમાંથી રહી અભ્યાસ કરેલ ૩૦૦૦ વિદ્યાર્થીઓમાંથી અંદાજીત ૫૦૦ વિદ્યાર્થીઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જીનિયર, વકીલ, ડોક્ટર બની આજે સમાજમાં ઉચ્ચ સ્થાને પહોંચેલ છે. ભવિષ્યમાં આનાથી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉચ્ચ ડિગ્રી મેળવી સમાજમાં ઉચ્ચ સ્થાન પામે તેવી સદઈચ્છા સાથે વિદ્યાર્થીગૃહના નવનિર્માણ પ્રોજેક્ટને તન, મન, ધનથી સહકાર આપવો રહ્યો.

મુંબઈના આકાશની શોભા વધારનારી વિદ્યાર્થીગૃહની ઈમારતમાં વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવનારી શ્રેષ્ઠ સગવડો જેવી કે સુવિધાપુર્ણ રૂમો, કોમપ્યુટર રૂમ, લાઈબ્રેરી, જીમ, સ્પોર્ટસ રૂમ વગેરે વગેરેને આપણા નામ કે આપણા વડીલોના નામની તક્તિ લખાવી જ્ઞાતિલક્ષી આ યજ્ઞમાં ભાગીદાર બનવાની સુવર્ણ તક આજે આપણે પામી રહ્યા છીએ. શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહના નવ નિર્માણ પામી રહેલ સંકુલ અર્થેની ડોનેશન સ્કીમ આ સાથે જ્ઞાતિજનો સમક્ષ રજુ કરતાં અમને હર્ષ થાય છે. સાથે વિશ્વાસ છે કે જ્ઞાતિજનો સકારાત્મક પ્રત્યુતર આપી સમાજ પ્રત્યેનું ઋણ જરૂરથી અદા કરશે.

આપણે જ્ઞાતિ સંસ્થાઓનો લાભ લઈ આજે લગભગ પગભર થઈ ગયા, પણ જ્ઞાતિનો ૨૫ થી ૩૦ ટકા વર્ગ હજી ગરીબાઈમાં રહે છે, તેને આપણી જેમ ઉપર લાવવા એ હવે આપણી ફરજ છે અને એટલે આપણે વધુમાં વધુ યોગદાન આપીએ એ આપણી ફરજ અથવા ધર્મ છે.

આશા રાખીએ છીએ કે જ્ઞાતિજનો તન, મન, ધનથી આ પ્રોજેક્ટને સહકાર આપી સમાજ પ્રત્યેનું ઋણ જરૂરથી અદા કરશે.

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ વતી શિવજી કુંવરજી વિકમશી, મેનેજીંગ ટ્રસ્ટી**

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ ડોનેશન સ્કિમસ:

**૧. રૂ. દસ કરોડનું દાન આપતા દાતા અર્થે : (મુખ્ય દાતા) :**

અ. સંપૂર્ણ સંકુલને દાતાનું નામ આપવું જેમકે અ, બ, ક, કે.ડી.ઓ. જૈન એજ્યુકેશનલ કેમ્પસ તેમજ દાતાના નામને રોડ તરફના મુખ્ય પ્રવેશ દ્વાર પર સુંદર રીતે કંડારવું.

બ. શેઠશ્રી વીરજી લધાભાઈ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ની પ્રતિમાની સાઈઝ મુજબની દાતાએ સુચવેલ બે વ્યક્તિની અર્ધ પ્રતિમા બેસાડવામાં આવશે.

ક. સંકુલમાં કાર્યરત ટ્રસ્ટો જેવા કે શ્રી વીરજી લધાભાઈ કે. ડી. ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી સી. ડી. ઓ. જૈન શિક્ષણપ્રસારક સમિતિ ટ્રસ્ટ, શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે. ડી. ઓ. જૈન કન્યા છાત્રાલય, શ્રી સી. ડી. ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટની વપરાતી સ્ટેશનરી પર સંકુલને આપેલ દાતાનું નામ સંસ્થાના એડ્રેસ સાથે પ્રિન્ટ કરવામાં આવશે.

ડ. ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ સંકુલમાં યોગ્ય જગ્યાએ મુકાયેલ આરસની તક્તિ પર રૂ. ૧ કરોડ કે તેથી વધુ રકમના દાતાઓના નામ લખવામાં આવશે, તેમાં આ દાતાનું નામ અગ્રસ્થાને લખવામાં આવશે.

**૨. ઉપરજણાવેલ રકમ બે દાતાઓ પાસેથી સંયુક્તપણે મળે તો (મુખ્ય દાતા) :**

અ. સ્કીમ ૧ (અ), માં દર્શાવ્યા મુજબ; સંપૂર્ણ સંકુલને બંન્ને દાતાઓના સંયુક્ત રીતે નામ આપવામાં આવશે.

બ. સ્કીમ ૧ (બ)માં સુચવ્યા મુજબ; પ્રત્યેક દાતાઓએ સુચવેલ પોતાના વ્યક્તિની શેઠશ્રી વીરજી લધાભાઈ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈની પ્રતિમાની સાઈઝ મુજબની એક એક અર્ધપ્રતિમા મુકવામાં આવશે.

ક. સંકુલમાં કાર્યરત ટ્રસ્ટો જેવાકે શ્રી વીરજી લધાભાઈ કે. ડી. ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી સી. ડી. ઓ. જૈન શિક્ષણપ્રસારક સમિતિ ટ્રસ્ટ, શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે. ડી. ઓ. જૈન કન્યાછાત્રાલય, શ્રી સી. ડી. ઓ. જૈન સમાજ કેળવણી

ઉત્કર્ષ ટ્રસ્ટની વપરાતી સ્ટેશનરી પર સંકુલને આપેલ દાતાઓનું નામ સંસ્થાના એડ્રેસ સાથે પ્રિન્ટ કરવામાં આવશે.

ડ. ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ સંકુલમાં યોગ્ય જગ્યાએ મુકાયેલ આરસની તક્તિ પર રૂ. ૧ કરોડ કે તેથી વધુ રકમના દાતાઓના નામ લખવામાં આવશે, તેમાં આ દાતાઓના નામ અગ્રસ્થાને લખવામાં આવશે.

**૩. રૂ. પાંચ કરોડ નું દાન આપતા દાતા અર્થે : (વિશિષ્ઠ - સહાયક દાતા) :**

અ. શેઠશ્રી વીરજી લધાભાઈ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈની સાઈઝ મુજબની દાતાની અર્ધ પ્રતિમા બેસાડવામાં આવશે.

બ. ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ સંકુલમાં યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર રૂ. ૧ કરોડ કે તેથી વધુ રકમના દાતાઓના નામ લખવામાં આવશે, તેમાં આ દાતાનું નામ અગ્રસ્થાને લખવામાં આવશે.

ક. કામાલેન તેમજ કિરોલ રોડ તરફ પડતા મકાનની ત્રીજા માળથી પાંચમાં માળ સુધીની બંન્ને દિવાલ પર કોઈ પણ એક માળને દાતાનું નામ આપવામાં આવશે. પ્રથમ મળેલ ડોનેશનના દાતાનું નામ ત્રીજા માળની દિવાલ ઉપર તેમજ ત્યાર પછી મળેલ ડોનેશનના દાતાનું નામ ત્યાર પછીના માળના ચડતા ક્રમમાં આપવામાં આવશે.

**૪. રૂ. અઢી કરોડનું દાન આપતા દાતા અર્થે : (સહાયક દાતા)**

અ. કામાલેન અથવા કિરોલ રોડ તરફ પડતા મકાનની છઠ્ઠા અને સાતમાં માળની કોઈ પણ એક દિવાલ પર કોઈ પણ એક માળને દાતાનું નામ આપવામાં આવશે. પહેલા મળેલ ડોનેશનના દાતાનું નામ છઠ્ઠા માળની દિવાલ ઉપર તેમજ ત્યાર પછી મળેલ ડોનેશનના દાતાનું નામ સાતમાં માળની દિવાલ પર આપવામાં આવશે.

બ. ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ સંકુલમાં યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર રૂ. ૧ કરોડ કે તેથી વધુ રકમના દાતાઓના નામ લખવામાં આવશે, તેમાં આ દાતાનું નામ અગ્રસ્થાને લખવામાં આવશે.

**૫. એક કરોડનું દાન આપતા દાતા અર્થે (વિશિષ્ટ આધાર સ્થંભ)**

અ. ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબના કોઈ પણ એક માળની અંદરની બાજુ દાતાનું નામ આપવામાં આવશે.

બ. ટ્રસ્ટીઓએ નકકી કર્યા મુજબની યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર દાતાનું નામ લખવામાં આવશે.

**૬. એકાવન લાખનું દાન આપતા દાતા અર્થે (આધાર સ્થંભ)**

ટ્રસ્ટીઓએ નકકી કર્યા મુજબના કોઈ પણ એક માળની અંદરની બાજુમાં આવા બે દાતાઓના નામ આપવામાં આવશે.

**૭. એકાવન લાખનું દાન આપતા દાતા:**

અ. મલ્ટીપરપઝ રૂમને દાતાનું નામ આપવું

બ. એડમીન ઓફિસને દાતાનું નામ આપવું

**૮. એકત્રીસ લાખનું દાન આપતા દાતા:**

અ. સ્પોર્ટસ રૂમને દાતાનું નામ આપવું

બ. ડાઈનિંગ હોલને દાતાનું નામ આપવું

**૯. પચ્ચીસ લાખનું દાન આપતા દાતા : (શુભેચ્છક દાતા)**

ટ્રસ્ટીઓએ નકકી કર્યા મુજબની યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર દાતાનું નામ લખવામાં આવશે.

**૧૦. એકવીસ લાખનું દાન આપતા દાતા:**

અ. ગૃહપતિના બ્લોકને દાતાનું નામ આપવું (બ્લોક ની સંખ્યા ૨)

બ. રસોડાને દાતાનું નામ આપવું

ક. લાઈબ્રેરીને દાતાનું નામ આપવું

ડ. મિટીંગરૂમને દાતાનું નામ આપવું.

**૧૧. પંદર લાખનું દાન આપતા દાતા:**

અ. પેસેન્જર લિફટમાં અંદરની બાજુ દાતાનું નામ આપવું (લિફટની સંખ્યા ૨)

બ. ગરમપાણીની સુવિધા અર્થે લગાડવામાં આવનાર સોલાર સીસ્ટમને દાતાનું નામ આપવું.

ક. જીમનેશ્યિમ રૂમને દાતાનું નામ આપવું.

**૧૨. અગિયાર લાખનું દાન આપતા દાતા:**

અ. ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ મકાનમાં આવેલ વિદ્યાર્થીઓને રહેવાના કોઈપણ એક રૂમને દાતાનું નામ આપવું (રૂમોની કુલ સંખ્યા ૩૪)

બ. કાર લિફટમાં અંદરની બાજુ દાતાનું નામ આપવું (લિફટની સંખ્યા ૨)

ક. સીસીટીવી કેમેરા સિસ્ટમને દાતાનું નામ આપવું

ડ. ટ્યુશનરૂમને દાતાનું નામ આપવું. ઈ. કોમપ્યુટર રૂમને દાતાનું નામ આપવું

**૧૩. સાડા સાત લાખનું દાન આપતા દાતા:** અનાજ રાખવાના સ્ટોર રૂમને દાતાનું નામ આપવું

**૧૪. પાંચ લાખનું દાન આપતા દાતા:** વિદ્યાર્થીઓના વપરાશ અર્થેની પેન્ટ્રી કમ વોશીંગ રૂમને દાતાનું નામ આપવું (સંખ્યા ૩)

**૧૫. ડોનેશન સ્કીમ સંબંધી સર્વે સત્તા ટ્રસ્ટીઓ હસ્તક રહેશે**

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ વતી શીવજી કુંવરજી વિકમશી - મે. ટ્રસ્ટી**

બોર્ડીંગ તેના છાત્રોના જીવનને કેવો સુરેખ ઘાટ આપે છે તે જાણવા વાંચો પાના નં. ૩૮ - ૩૯ પર ની શ્રી કુલીન લુઠીયા CA ની પ્રેરકકથા તેમનાજ શબ્દોમાં..

*તંત્રી સમીપે....*

## અલિપ્તતા અને ઉદાસીનતા ત્યજીને એકસુત્રતાને નિખારીએ

છેલ્લાં દસેક દિવસોમાં જ્ઞાતિપ્રવાહમાં જે અનેકવિધ વર્તુળો સર્જાતા તરંગો ઉદ્ભવ્યા છે, તેને લીધે વિચારશીલ જ્ઞાતિજનોમાં આશ્ચર્ય - આંચકા - ચિંતા જેવા મિશ્ર પ્રત્યાઘાતો જોવા મળે છે.

આ માટે જે ત્રણેક મુખ્ય ઘટનાઓ કારણરૂપ બની છે. તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે:

એકાદ મહીના પહેલાં, જ્ઞાતિના વિવિધ વિસ્તારો વચ્ચે યુવા સંપર્ક સેતુ રચાય તે ઉદ્દેશ્યથી ચેન્નઈ મહાજન અને મુંબઈ મહાજનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ યુવા વિનિમય કાર્યક્રમના પ્રથમ દોરમાં જ્ઞાતિના યુવા - કિશોર વર્ગે એક શહેરમાંથી બીજા શહેરમાં જ્ઞાતિ કુટુંબો સાથે બે - ત્રણ દિવસ રહીને અનેરા ઉત્સાહ - ઉલ્લાસથી ભાગ લીધો, ત્યારે આ પ્રવૃત્તિ જ્ઞાતિમાં દાયકાઓ સુધી જળવાઈ રહેશે એવી આનંદજનક પ્રતીતિ અનુભવાઈ.

પરંતુ હવે જ્યારે આગામી ૩ - ૪ - ૫ - ઓક્ટોબરના યજમાન - મહેમાન શહેરોની ભૂમિકા વળતી દિશામાં અદા કરવાની છે, ત્યારે યુવા કિશોરોનાં નામોની અત્યાર સુધીની યાદીઓ પરથી એવું ચિત્ર ઉપસ્યું છે કે અન્ય શહેરોએ એ આદાન - પ્રદાનની ભૂમિકા સંતોષજનક રીતે નિભાવી છે પરંતુ ગત ઓગષ્ટમાં બહારગામના પચાસેક યુવક - યુવતીઓના યજમાન બનેલા જ્ઞાતિના મુંબઈ એકમે હવે અન્ય શહેરોમાં મહેમાન થવાનું છે ત્યારે મુંબઈના પાંચ - દશ યુવા - કિશોરોઓએ જ તે માટે પોતાના નામો નોંધાવ્યા છે!

મુંબઈ મહાજનના અધિકારીઓએ આ ઉદાસીનતા માટે નવરાત્રિ ઉત્સવ અને પરીક્ષા જવાબદાર છે એવો અભિપ્રાય દર્શાવ્યો છે જે બહુ પ્રતીતિકર નથી લાગતો. વધુમાં તેમણે તેની તારીખ સમસ્ત મહાજનના સંમેલન સાથે ભટકાતી હોય એવી સૂચવી છે, એ પણ અલગ સંકેત આપે છે.

હકીકતમાં, આ પ્રવૃતિ તો સમસ્ત મહાજને ઉપાડી લેવી જોઈએ અને તે માટે ભરસકપણે પ્રવૃત થવાની જરૂર હતી પણ તે વિષે સમસ્તએ મહાજનના મુખ્ય અગ્રણીઓ એ જ મુળભુત ઈચ્છા શક્તિ ન દર્શાવી તે એક અલગ ચર્ચાનો વિષય છે. એ મુદો બાજુએ મુકીએ તો મુખ્યત્વે મુંબઈના જ્ઞાતિજનોની દાયકોઓ જુની બેવડા ત્રાજવા કે તોલમાપ જેવી માનસિકતાના કારણે જ આવી પરિસ્થિતિ સર્જાઈ છે તેમ કહીએ તો તે જરા પણ વધુ પડતુ ન ગણાવું જોઈએ.

મુંબઈ મહાજને પોતાની એસ. એમ. એસ. સેવાઓ દ્વારા એકાદ મહીના પહેલાં મુંબઈના યુવા - કિશોરીઓને આ રીતે વળતી દિશામાં મહેમાન બનવા નામો નોંધાવવા જાણાવેલું. પરંતુ ૧૯ થી ૨૭ વયજુથના યુવા - કિશોરીઓ કરતાં પણ જેમની પાસેથી સ્વાભાવિકપણે અપેક્ષા રાખવી જોઈએ અને હકીકતમાં જેમની આ બાબતે મૂળભૂત ફરજ છે તેવા મુંબઈના તેમના ૫૦ - ૬૦ વર્ષના વાલીઓએ પોતાનાં ઉક્ત વયજુથના


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશમીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 40/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

સંતાનોને બહારગામના શહેરોમાં મહેમાન થવા આગ્રહ કરી પ્રોત્સાહિત કરવા જોઈતા હતા. મુંબઈના આ વાલીઓ - વડીલોની આ ફરજચુક્તા કે અને ઉપેક્ષાભાવ બનતી ત્વરાએ નિર્મુળ થવા જોઈએ. હવે પછીના કમસે કમ ત્રણ - ચાર દશક દરમ્યાન જ્ઞાતિજનોમાં અરસપરસના સામાજિક વિનિમય અને એક્તા જળવાઈ રહે એવું માળખું નિર્માણ કરવાની ફરજને સમગ્ર જ્ઞાતિના હાલના ૪૦ -૫૦ વર્ષીય વાલીઓએ સમુચિત ગંભીરતાથી લેવી જ જોઈએ એ વિષે બે મત ન હોઈ શકે.

બીજી બાજુ, ગત ૧૪ સપ્ટેમ્બરના ચાલીસગામમાં સમસ્ત મહાજનની મહા સમિતી, ટ્રસ્ટબોર્ડ અને જ્ઞાતિજનોની ખુલ્લી બેઠકો મળેલી. જે વેળા આગામી ડિસેમ્બરમાં યોજનારજા જ્ઞાતિ સંમેલનનો વિષય વિશેષ કાર્ય સુચિમાં સમાવિષ્ટ હતો. ત્યારે પણ મહાસમિતિના અને ટ્રસ્ટબોર્ડમાં નિયુક્ત થયેલ મુંબઈના ૬૭ સભ્યો પૈકી દશેક જેટલા જ સભ્યો હાજર હતા અને તેમાં પણ સેક્રેટરી જનરલ શ્રી ચિમન મોતા અને એક મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટ લાપસીયાની અત્યાવશ્યક હાજરી સિવાય મુંબઈના આગેવાનો અલ્પ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. બહારગામથી આવેલા લગભગ ચાલીસેક જ્ઞાતિજનોની સરખામણીએ મુંબઈના જ્ઞાતિજનોની અછાની રહેલી નિરસતાની જાણે સાબિતી આપી રહ્યા હતા.

આને લીધે, મુંબઈમાં જ્ઞાતિજનોની એક વિશેષ બેઠક બોલાવાનું નક્કી થયું. પરિણામે ગત ૨૦ સપ્ટેમ્બરના મુંબઈમાં મહાસમિતિના સભ્યો અને ટ્રસ્ટીઓની સભા થયેલ તેમાં પણ મહાસમિતિના સભ્યો / ટ્રસ્ટીઓ પૈકી તેમાં પણ ૬૭ સભ્યોમાંથી ૨૩ અગ્રણીઓ જ ઉપસ્થિત રહ્યા હતા.

આ સભામાં મુંબઈ મહાજના અધિકારીઓએ કેટલાક પ્રતીતિજનક મુદ્દાઓ ઉઠાવ્યા તે વિષે જુદી ચર્ચા કરી શકાય પરંતુ આગામી સંમેલનમાં મુંબઈએ પોતાના ક્ષેત્રમાંથી ૪૦૦ જેટલા પ્રતિનિધિઓ નિમણુક કરીને મોકલવાના છે તો દ્દષ્ટિએ મુંબઈના જ્ઞાતિજનોમાંથી સામે ચાલીને પોતાનાં નામો વ્યક્ત કરવાની મુળભુત તત્પરતાનો ભાવ પણ દેખાતો નથી. આમ સમગ્ર જ્ઞાતિને વ્યાપમાં લેતી જ્ઞાતિની મહત્વની પ્રવૃતિઓ બાબતે હજી પણ મુંબઈના જ્ઞાતિજનો જે ઉદાસીન વૃતિ ધરાવે છે તેને ઉપેક્ષાભાવ જેવી ઉપમા આપી શકાય.

જ્ઞાતિ સંમેલનની યથાર્થતા અને સાર્થકતાના મુદ્દે હજી પણ જ્ઞાતિમાં ઘણા મતમતાંતર છે તે વિષે આગામી દશ - પંદર દિવસોમાં મુંબઈના જ્ઞાતિજનો સકારાત્મક પણે પ્રવૃત થાય અને બૃહદ સ્તરે એકમતી અને ચોક્કસતા સર્જાય એવો આશાવાદ રાખીએ.

મુંબઈના મોટા ભાગના જ્ઞાતિજનોમાં વ્યાપકપણે જે ગેરમાન્યતા છે તે વિષે ગંભીર ચિંતન વિચારણા કરવી જરૂરી છે. બહારગામના શહેરો તો ઠીક મુંબઈ બહારના બેંગ્લોર, અમદાવાદ, વડોદરા, હૈદ્રાબાદ, હુબલી જેવા મહાનગરો સુધ્ધાંના યુવા - કિશોરોની બૌધ્ધિકતા અને સામાજીક વ્યવહારક્ષમતા અંગે મુંબઈના જ્ઞાતિજનોમાં આજના આધુનિક ટેક્નોલોજી અને વિશ્વીકરણના યુગમાં ઉપયુક્ત સમકક્ષતાભાવ હોવો જોઈએ તેનો બદલે સદીઓથી જ્ઞાતિના મુંબઈ એકમના વર્ચસ્વને કારણે મુંબઈના જ્ઞાતિજનો હજી પણ એક પ્રકારની ગુરૂતા ગ્રંથિ ધરાવી રહ્યા છે તે કારણે યુવા - વિનિમય કાર્યક્રમના આગામી ઓક્ટોબરના ચરણમાં મુખ્ય વિક્ષેપકારક ભૂમિકા ભજવી હોય તો તેનું યોગ્ય સમાધાન - નિરાકરણ કરવાની જવાબદારી મુંબઈના જ્ઞાતિજનોની છે.

આશા રાખીએ કે આગામી ૨૦૧૫ માં યોજાનાર બીજા યુવા વિનિમયમાં મુંબઈના યુવા - કિશોરો સમગ્ર જ્ઞાતિના તેમના સમવયસ્ક સાથીઓ સાથે સમગ્ર જ્ઞાતિમાં નવા યુગની ઉષ્મા - ઊર્જા ભરી તાજગીથી છવાઈ જશે અને મુંબઈ જ્ઞાતિપ્રવાહમાં અત્યારે અલગ વર્તાતા અલિપ્તભાસી વલણ છોડી મુંબઈના જ્ઞાતિનો ખરા ભાતૃભાવે અને સૌજન્યપુર્ણ અભિગમથી સમસ્ત જ્ઞાતિમાં દીર્ઘજીવી એકસુત્રતાનો નિખારશે.

**- રા**

## શુભાનુબંધ (ભાગ - ૫) ડૉ. પ્રવિણ સી. શાહ સારા બંધ કરતા સારો અણુભંધ મહત્વનો

બંધ ચાર પ્રકારનો છે અને અનુબંધ બે પ્રકારનો છે, તે (૧) શુભ અનુબંધ અને (૨) અશુભ અનુબંધ શુભ અનુબંધ સદ્‌બુદ્ધિનું કારણ છે જ્યારે અશુભ અનુબંધ દુર્બુદ્ધિનું કારણ છે. શુભ અનુબંધ તેના ભોગકાળમાં વિવેકનું રસાયણ ભેળવે છે અને ધર્માનુષ્ઠાનો પ્રત્યે રુચિ કરાવે છે.

કર્મના ઉદય વખતે કર્મ જીવને જે પ્રેરણા-બુદ્ધિ આપે છે, તે અનુબંધ પર આધારિત છે. માટે જો અનુબંધ શુભ હોય તો તે વખતે સદ્‌બુદ્ધિ આવે. માટે સદ્‌બુદ્ધિનો આધાર શુભ અનુબંધ છે, નહિ કે શુભબંધ. બંધ તમને કદાચ ધર્મસામગ્રી મેળવી આપે, ત્યારે ધર્મ કરવાની અનુકૂળતા પણ મળી રહે, પણ તે વખતે અશુભ અનુબંધ હોય તો ધર્મની સામગ્રી મળવા છતાં તેમાં રુચિ થાય નહિ, વિપરીત પ્રવૃત્તિમાં જ જીવને રુચિ થાય.

તત્ત્વમાં રુચિ વૈરાગ્ય વગર હોય જ નહિ. કદાચ વૈરાગ્ય હોય પણ સાથે તત્ત્વરુચિ હોય તેવું નક્કી નહિ, પરંતુ તત્ત્વરુચિ હોય તો સાથે વૈરાગ્ય નક્કી હોય. સમકિતી હોય તેને વૈરાગ્ય હોય જ, માટે જ અનુબંધ શુભ પડે. ધર્મ-અધર્મનો, તત્ત્વ -અતત્ત્વનો વિવેક અંશથી અપુનર્બંધકમાં પ્રગટે છે. જેટલે અંશે વિવેક પ્રગટે તેટલે અંશે શુભ અનુબંધ પડવાનું ચાલુ થાય અને વિવેકની પરાકાષ્ઠા સમકિતમાં આવે. બાકી જે જીવો સંસારના ગાઢ રસિક છે, તે તો ભલે ધર્મમાં પ્રવૃત્ત હોય, યાને કે દાન-શીલ-તપ કરતાં હોય, ત્યારે બંધ પુણ્યનો પડતો હોય તોપણ અનુબંધ તેમને પાપનો જ પડતો હોય છે.

**વૈરાગ્યના અભ્યાસથી મોક્ષ છે.**

જેમ જેમ ધર્મ આચરવાનો કાળ વધતો જાય તેમ તેમ વિષયોનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણાનુરાગ અને ક્રિયામાં અપ્રમાદ પણ વધવો જોઈએ.

ગુણનો પક્ષપાત અને દોષ પ્રત્યે અરુચિ તે સમ્યક્ત્વનું એક લક્ષણ છે.

જેને પોતાને ગુણનો ખપ ન હોય તેને કદી પણ બીજાનો ગુણાનુરાગ નહિ આવે.

નિશ્ચયનયથી બધી પુણ્યપ્રકૃતિ ગુણથી બંધાય છે, વ્યવહાર-નયથી બધી પુણ્યપ્રકૃતિ-શુભપ્રવૃત્તિથી બંધાય છે.

શુભમાં રુચિ ગુણ છે, તેમ અશુભમાં અરુચિ પણ ગુણ છે. તમારો વિષયરાગ-કષાયરાગ ન પોષાય, પણ તે તૂટતો જાય તે રીતે ધર્મ કરાવવાનો છે. તમે સારું પામ્યા એટલે તમને ખોટાનો પશ્ચાતાપ થવો જ જોઈએ. અર્થ-કામ અવિરતિ છે. અવિરતિ તે અધર્મ છે અને તેના માટે ધર્મ હોય ખરો? કે ધર્મ તો અધર્મથી છૂટવા માટે હોય ?

કોઈ ઉપદેશક એમ કહે કે કોઈ દહેરાસર બંધાવે તેને વર્ષો સુધીનાં દેવલોકનાં સુખ મળે અને જો શ્રદ્ધાળુ જીવ દેવલોકનું સુખ મળે તેવા આશયથી દહેરાસર બંધાવે, તો તેને બંધ શુભ અને અનુબંધ અશુભ પડશે, જેથી તે અશુભ અનુબંધના ઉદયે તેને દુર્બુદ્ધિ મળશે.

આપણા ધર્મમાં કેટલી સૂક્ષ્મતા છે? સૂત્રના ઉચ્ચારણમાં પણ જો ભૂલ થાય તો શાસ્ત્રકારોએ એને જ્ઞાનનો અતિચાર ગણ્યો છે. ધર્મમાં ભ્રાન્તિ, અજ્ઞાન, બોધની ખામી એ અપલક્ષણ છે, શાસ્ત્રકારોએ તેને દોષ તરીકે કહ્યા છે. માટે બરાબર સમજો, નહીંતર ભવાંતરમાં કુટાવાનું આવશે. ક્રિયાને અને તેને અનુરૂપ અધ્યવસાયને સમજો તો કામ કાઢી શકશો. પાપાનુબંધીપુણ્ય, પાપાનુબંધીપાપ, પુણ્યાનુબંધીપાપ, પુણ્યાનુબંધીપુણ્ય અનુબંધની દૃષ્ટિએ ચાર છે. ટૂંકમાં અધ્યાસાયથી ધર્મ સમજો.

- ક્રમશ


**મુલુંડ, ભાંડુપ, થાણામાં પ્રોપર્ટી લેવા - વેચવા**
**લ.લા.પો એસ્ટેટ એજન્સી**
લ. લા. પો. મો.: 9930008339 - 07567207479
વિપુલ પોલડીયા મો.: 9833060660 - 9869167172
સર્વે જ્ઞાતિજનો તથા અમારા માનવંતા ગ્રાહકોને
લ.લા.પો. સમસ્ત પરિવારના મિચ્છામિ દુક્કડમ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

ચંપકભાઈ જ્ઞાતિની પરંપરા અને જ્ઞાતિના ઉત્કર્ષ માટેન ીસવાઙંગીણ સમજવાવા જ્ઞાતિ આગેવાન હતા તેમની ઉપસ્થિતિમાં જેની વાત થયેલી તે સંમેલન રાયપુર ખાતે યોજાવાતું છે. તેની તૈયારી કરતાં દરેક પલે તેમની યાદ આવે છે.
- તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## નારી પ્રત્યે જૈનધર્મનો દૃષ્ટિકોણ - ડૉ.પ્રવીણભાઇ સી.શાહ (ભાગ-૪)
## જૈન ધર્મ ક્યારેય બહુ પત્નીત્વને કે સતી પ્રથાને યોગ્ય ગણ્યા નથી

**વનિતા વિશ્વ**



દ્રૌપદીના એક અપવાદને છોડીને હિંદુ અને જૈન પરંપરાઓમાં નારી માટે બહુપતિ પ્રથાને ધાર્મિક દૃષ્ટિએ અનુચિત માનવામાં આવી છે. પરંતુ બીજી બાજુ પુરૂષો એક કરતાં વધારે લગ્ન કરતા જોવા મળે છે.

દુઃખ એ વાતનું છે કે તેઓની આ પ્રવૃત્તિની સમાલોચના પણ ક્યાંય કરવામાં આવી નથી. તે છતાં તે યુગમાં જૈનાચાર્યો આ બાબતમાં તટસ્થ ભાવ રાખતા હતા એમ કહી શકાય કારણ કે કોઈપણ જૈનાચાર્યે બહુવિવાહને સારી પ્રથા કહી હોય એવો સંદર્ભ પણ ક્યાંય મળતો નથી. ઉપાસક દશામાં શ્રાવકના સ્વપત્ની સંતોષવ્રતના અતિચારોનો ઉલ્લેખ મળે છે તેમાં પરવિવાહકરણને અતિચાર અથવા દોષ માનવામાં આવ્યો છે. આમ એટલું ચોક્કસ કહી શકાય કે જૈનોનો આદર્શ એક પત્નીવ્રત રહ્યો છે. સમાજમાં બહુવિવાહની પ્રથા પ્રચલિત હતી પરંતુ જૈન ધર્મ એને સંમતિ આપતો હતો એમ માનવું અનુચિત ગમાશે. કારણ કે જ્યારે જૈનોમાં વિવાહને એક અનિવાર્ય ધાર્મિક કર્તવ્યના રૂપમાં સ્વીકાર કર્યો નથી ત્યારે બહુવિવાહને ધાર્મિક કર્તવ્યના રૂપમાં સ્વીકાર કરવાનો પ્રશ્ન ઊભો જ નથી થતો.

દસ મુખ્ય ઉપાસકોમાંથી કેવળ એકને જ એક કરતાં વધારે પત્નીઓ હતી. બાકી બધાને એક એક પત્ની હતી. અને શ્રાવકોના વ્રતોના અતિચાર બતાવવામાં આવ્યા છે તેમાં સ્વપત્ની સંતોષનો એક અતિચાર પરવિવાહકરણ આપવામાં આવ્યો છે. તેથી એમ કહી શકાય કે ધાર્મિક આધારો પર જૈન ધર્મ બહુપત્ની પ્રથાનો સમર્થક નથી. બહુપત્ની પ્રથાનો ઉદ્દેશ તો વાસનામાં ગળાબૂડ ડૂબવું એવો થાય. જે નિવૃત્તિપ્રધાન જૈન ધર્મની મૂળ ભાવનાને અનુકૂળ નથી. જૈન ગ્રંથોમાં જે બહુપત્નીપ્રથાના સંકેતો મળે છે તે એ યુગની સામાજિક સ્થિતિના સૂચક છે. આગમ સાહિત્યમાં પાર્શ્વ, મહાવીર અને મહાવીરના નવ પ્રમુખ ઉપાસકોને એક પત્ની હતી એમ માનવામાં આવે છે.

જૈન સાહિત્યમાં હજારો એવા સંદર્ભો મળે છે જેમાં પતિના મૃત્યુ બાદ વિધવાઓ ભિક્ષુણી બનીને સંઘને શરણે ચાલી જતી. જૈન સંઘમાં ભિક્ષુણીઓની સંખ્યા વધારે હોવાનું કારણ પણ આ હતું. ભિક્ષુણી સંઘો વિધવાઓને સન્માનપૂર્ણ અને સુરક્ષિત જીવન જીવવાનું એક આશ્રય સ્થાન હતું.

જ્યારે સમાજમાં બહુ-વિવાહને સમર્થન મળ્યું હોય તેમાં વિધુર-વિવાહને માન્ય કરવામાં કોઈ મુશ્કેલી હોતી નથી. તે છતાં જૈન ધર્મમાં ધાર્મિક દૃષ્ટિએ આ વાતને સમર્થન મળ્યું હોય એમ કહી શકાતું નથી. પત્નીના મૃત્યુ પછી આદર્શ સ્થિતિ તો એને માનવામાં આવી છે કે વ્યક્તિ વૈરાગ્ય લઈ લે. માત્ર એટલું જ નહીં પરંતુ અનેક સ્થિતિઓમાં પત્ની ભિક્ષુણી બની જાય ત્યારે પતિ જાતે ભિક્ષુ બની જાય.

જૈન ધર્મમાં પતિ-પત્ની સિવાય બીજા સાથે યૌન સંબંધ કરવાનું ધાર્મિક દૃષ્ટિએ હંમેશા અનુચિત માન્યું છે. વેશ્યાગમન અને પરસ્ત્રીગમન બંનેને અનૈતિક કર્મ ગણવામાં આવ્યું છે.

નારીની મર્યાદાના રક્ષણ માટે જૈન સંઘ હંમેશા તત્પર રહેતો. નિશીથચૂર્ણિમાં ઉલ્લેખિત કાલકાચાર્યની કથામાં એ વાતનું પ્રમાણ છે કે અહિંસાનું પ્રાણથી પાલન કરનાર ભિક્ષુ સંઘ પણ નારીની ગરિમા ખંડિત થવાની સ્થિતિમાં દુરાચારીઓને સજા આપવા માટે શસ્ત્રો લઈને સામે આવતો હતો.

ધાર્મિક આધાર પર જૈન ધર્મ સતીપ્રથાનું સમર્થન કરતો નથી. જૈન ધર્મ અને જૈન દર્શન એમ નથી માનતા કે મૃત્યુ બાદ જીવતા ચિતામાં બળી મરવાથી સ્વર્ગલોકમાં એ જ પતિ મળે છે. તેનાથી વિપરીત જૈન ધર્મ પોતાના કર્મ - સિધ્ધાંતમાં શ્રધ્ધાને કારણે એમ માને છે કે પતિ પત્ની પોતપોતાના કર્મો અને મનોભાવો અનુસાર તે જુદી જુદી યોનિઓમાં જન્મ લે છે.

જૈન ભિક્ષુણી સંઘ વિધવા, પરિત્યકતા અથવા આશ્રય વિનાની સ્ત્રીઓ બધાને માટે શરણાદાતા હતો. જૈન ધર્મમાં સતીપ્રથાને કોઈપણ પ્રકારનું મહત્ત્વ મળ્યું નથી. જ્યારે જ્યારે નારી પર કોઇ અત્યાચાર કરવામાં આવ્યા, ત્યારે જૈન ભિક્ષુણી સંઘ તેના માટે રક્ષાકવચ બન્યો કારણ કે ભિક્ષુણી સંઘમાં પ્રવેશ કર્યા બાદ તે પારિવારિક દુઃખોથી બચતી હતી એટલું નહિ પણ એક સન્માનપૂર્ણ જીવન પણ જીવી શકતી હતી. આજે પણ વિધવાઓ, ત્યકતાઓ, પિતા પાસેથી દહેજ મળવાની અસમર્થતતા, કુરૂપતા વગેરે કેટલાક કારણોને લીધે અવિવાહિત રહેવા માટે બનેલી કુમારિકાઓ માટે જૈન ભિક્ષુણી સંઘ આશ્રયસ્થાન છે. જૈન ભિક્ષુણી સંઘે નારીની ગરિમા અને સતીત્વ બંનેની રક્ષા કરી છે આ કારણે સતી-પ્રથા જેવી ખરાબ પ્રથા જૈન ધર્મમાં કદી પણ આવી નહિ.

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન

## તૃતીય પુણ્યતિથિએ આદરાંજલી



# માતુશ્રી તારાબેન માણેકજી કેશવજી મોતા

**કચ્છ : રાપર (ગઢવાળી)**

જીવનયાત્રા : ૧૩.૭.૧૯૩૨ - ૨૫.૯.૨૦૧૧

**'મા'** એટલે મુંગા આશીર્વાદ
એટલે વહાલતણો વરસાદ
એટલે મંદિર કેડો દિવડો

અનંત ઉપકારી **'મા'**ના ચરણોમાં કોટી કોટી વંદન

**માતુશ્રી જેઠીબાઈ કેશવજી હરપાર મોતા પરિવાર ❑ રાપર ગઢવાળી**
**માતુશ્રી રતનબેન શામજી નાગશી નાગડા પરિવાર ❑ નલીયા**

પુત્ર-પુત્રવધુ

**હિના કલ્પેશ માણેકજી મોતા**
**નીશા હિતેશ માણેકજી મોતા**
**ઉષા નિલેશ માણેકજી મોતા**

પુત્રી-જમાઈ

**ભાવના નરેશ ટોલીયા** (શ્રી ટોલીયા શિપીંગ સર્વીસીસ)
**કલ્પના તરૂણ ધરમશી** (ડિલક્ષ લોજીસ્ટીક્સ પ્રા. લી.)
**મીતા વીરચંદ લાલકા** (પુષ્પાંજલી ફ્લોરીકલચર લી.)

**MOTA TRADING PVT. LTD.**
MUMBAI

**શ્રી ક.દ.ઓ. મંડળ -ડોંબિવલીના આગામી કાર્યક્રમો**

મંગળવાર ૨૬.૧૦.૧૪ થી ૦૫.૧૧.૧૪ દિવાળી વેકેશન યાત્રા પ્રવાસ - કુર્ગ, બેગલોર, મૈસુર, ઉટી રવિવાર ૧૪.૧૨.૧૪ રમત ગમત સ્પર્ધા, રવિવાર ૧૮.૦૧.૧૫ રંજન સંધ્યા, રવિવાર ૧૫.૦૨.૧૫ ક્રિકેટ ટુનામેન્ટ

## આગામી સંમેલનના સ્વાગત પ્રમુખ

**ડીસેમ્બર ૨૦૧૪માં રાયપુર મુકામે યોજનાર ચોથા જ્ઞાતિ સંમેલનના સ્વાગત પ્રમુખ તરીકે શ્રી હરીશ જવેરચંદ લોડાયા (સાંયરા) રાયપુરની નિમણુંક કરવામાં આવી છે.**

**- પ્રકાશ - સમીક્ષાના હાર્દિક અભિનંદન**

ધર્મ આરાધના ધર્મ આરાધના ધર્મ આરાધના

## સમસ્ત ક.દ.ઓ જ્ઞાતિજનો જોગ

**૪૫ થી ૬૫ વચના ધર્માનુરાગી ભાઈઓ અને બહેનોને જાણ કરવામાં આનંદ થાય છે કે અમારા પરિવાર વતી રાપરગઢવારી તીર્થ મધ્યે, તીર્થ સ્થાને લાંબા સમય માટે રહેવાનું આનંદ માણવા ઈચ્છતા ધાર્મિક ભાઈ-બહેનો માટે જૈન સમાચારી પ્રમાણે રહેવા તથા જમવા-ચા-પાણીની સુવિધા આપવામાં આવે છે જેનું માસિક નકરો વ્યક્તિ દીઠ રૂા. ૨૦૦૦/- રાખવામાં આવેલ છે.**

લિ.

**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર**
રાપરગઢવારી

સંપર્ક
**કમલેશ સોની**
9833308933

* નિયમો અને શરતો ને આધિન

**અનંતનાથજી ટ્રસ્ટ મુંબઈ મહાજનની ચૂંટણી આવી રહી છે.**

**ભુલોનું પુનરાવર્તન કરનારને કાળ કદીયે માફ કરતો નથી સમજદદારીથી મત આપો સમજદારોને મત આપો.**

**આદિઅનંત નવનિર્માણ પેનલ**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન યુવક મંડળ, ગાંધીધામ દ્વારા ''વિદ્યાશક્તિ એવોર્ડ'', સાંસ્કૃતિક કાર્યક્રમો અને વડીલોનું ખાસ સન્માન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન યુવક મંડળ, સાર્થક, ગાંધીધામ દ્વારા ગત ૧૪ મી સપ્ટેમ્બરના રોજ બૃહદ ગાંધીધામ વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો માટે પંડિત દિનદયાલ ઉપાધ્યાય સભાગૃહ ગાંધીધામ મધ્યે બપારે ''વિદ્યાશક્તિ એવાર્ડ - ૨૦૧૪'' (એન એમ્પાવરમેન્ટ ટુ એજ્યુકેશન) સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

નવકાર મહામંત્રના જાપથી શરૂ થયેલા આ સમારંભની શરૂઆતમાં અવની મનીષ ખોનાએ ગણેશ વંદના કરેલ. મંડળ પ્રમુખ શ્રી મિતેશ મોતા, ઉપપ્રમુખ હિમાંશુ લાલકા, માનદમંત્રી શ્રી કેતન લોડાયા, મહાજન પ્રમુખ શ્રી મિતેશભાઈ ધરમશી અને કચ્છ એકમના પ્રમુખ શ્રી રમેશભાઈ દંડ, એક્તા મહિલા મંડળના પ્રમુખ શ્રી મીનાબેન લાલકાએ દિપપ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.

શેઠ શ્રી નરશી નાથાની અને સરસ્વતીની માતાની છબીને મંડળના સભ્યો દ્વારા હારારોપણ કરવામાં આવેલ. મંડળના પ્રમુખ શ્રી મિતેશ મોતાએ સ્વાગત ઉદ્‌બોધનમાં મંડળના કાર્યો વિશે માહિતી આપી હતી.

ફેન્સી ડ્રેસ હરીફાઈ જેમાં બાળકોએ હોંશભેર ભાગ લીધેલ જેમાં ગ્રુપ - એમાં પ્રથમ કાવ્યા ભાવિક નાગડા અને દ્વિતિય નંબરે દ્રષ્ટિ ચિરાગ મોમાયા આવેલ. જ્યારે ગ્રુપ - બી માં પ્રથમ કયવન અમિત ધરમશી અને દ્વિતીય શ્રેયા જયેશ દંડ આવેલ.

ગ્રુપ પ્રોડક્ટ એડવર્ટાઈઝમેન્ટ રાખવામાં આવેલ જેમાં વિવિધ પ્રોડક્ટ ઉપર ગ્રુપમાં એડવર્ટાઈઝમેન્ટ કરવાની હતી જેમાં ૪ ગ્રુપોએ ભાગ લીધેલ જેમાં પ્રથમ આવેલ ગ્રુપમાં અંજલ મયુર ધરમશી, ચૈતાલી યોગેશ મોતા, જેમીની કેતન લોડાયા, શિલ્પા ભાવિક નાગડા અને વિરાલી જીગર મૈશેરી હતાં.

ગ્રુપ ટેલેન્ટ કોમ્પીટીશનમાં અલગ અલગ ગ્રુપો દ્વારા ખુબ જ સારા એક્ટ રજુ કરવામાં આવેલ. પ્રથમ નંબરે ગ્રુપ આવેલ જેના સભ્ય વિધી ચેતન ડાઘા, રિધ્ધી રાજેશ ડાઘા, રિષભ રાજેશ ડાઘા, ખુશી નિલેશ ડાઘા, દામન કેતન મોમાયા હતા.

ગહુંલી હરિફાઈમાં પ્રથમ નંબરે વિરાલી જીગર મૈશેરી તથા દ્વિતીય ક્રમાંકે દીપા યશોધન દંડ રહ્યા હતા. ૩ વર્ષ સુધીના બાળકોના હસતા - ખેલતા - રમતા - નાચતા - કુદતા અને મસ્તી કરતાં કોઈપણ ૫ સ્ટાઈલીસ્ટ ફોટા મંગાવેલ અને તેના ઉપરથી સાર્થક એન્જલ તરીકે નાઈસા અમિત મોતા અને સાર્થક માસ્ટર તરીકે ધાર્મિક મિતેશ મોતા જાહેર થયેલ. વિજેતાને ઈનામ મંડળ દ્વારા મહાનુભાવોનોના હસ્તે આપવામાં આવેલ. આ કાર્યક્રમ માટે જજીસ તરીકે શ્રીમતી કુસુમબેન અરિવંદ લોડાયા અને કુ. વૃધ્ધિ સુનિલ શાહે સેવાઓ આપેલ.

મંડળ દ્વારા બૃહદ ગાંધીધામ વિસ્તારના ૭૫ વર્ષથી વધારે ઉમર ધરાવતાં કુલ્લ ૨૮ વડીલ જ્ઞાતિજનોનું સન્માન કરવામાં આવેલ.

શૈક્ષણિક વર્ષમાં સફળતાના સોપાનો સર કરનાર તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ સિધ્ધી મેળવનાર માટે વિદ્યાશક્તિ એવોર્ડ - ૨૦૧૪ નું પ્રમુખસ્થાન કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, ગાંધીધામના પ્રમુખ શ્રી મિતેશભાઈ મધુકાન્ત ધરમશીએ દિપાવ્યું હતું. કાર્યક્રમના સહયોગી દાતા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમના પ્રમુખ શ્રી રમેશભાઈ નારાણજી દંડ, મંડળના પ્રમુખ શ્રી મિતેશ નિતિન મોતા, કાર્યક્રમના સાર્થક રજત સ્તંભો સર્વ શ્રી હરીશભાઈ દામજી ખોના, ડો. મધુકાન્તભાઈ રતનશી ધરમશી, માતુશ્રી નવલબેન ઠાકરશી લોડાયા હસ્તે નવદીપ ફર્નિચર ગામ : વારાપધ્ધર વતિ પંકજભાઈ હંસરાજ દંડ, સાર્થક કાંસ્ય સ્તંભો સર્વ શ્રી તરંગ વિશાલ લાલકા વતી શ્રી પદમશીભાઈ લખમશી લાલકા, શ્રી સી. જે. શાહ એન્ડ કુ. હસ્તે શ્રી નવીનચંદ્ર ચાંપશી શાહ, માતુશ્રી કાન્તાબેન આણંદજી ખોના પરિવાર વતી શ્રી લહેરચંદભાઈ ખોના, રજત લોજીસ્ટીક્સ અને રજત કુડસ હા. શ્રી નિલયભાઈ દંડ અને શ્રી સંદીપભાઈ સાંયા વતી શ્રીમતી ભાવિનીબેન દંડ, શ્રી ખીમજી ચત્રભુજ લોલાકા પરિવાર વતી શ્રી મહેશભાઈ ખીમજી લાલકા, સહયોગી સ્તંભો સર્વ શ્રી મધુકાન્તભાઈ જવેરચંદ લોડાયા, શ્રી અરવિંદભાઈ લાલજી લોડાયા વતી શ્રીમતી કુમુદબેન અરવિંદ લોડાયા, શ્રી ભદ્રિકભાઈ પુનશી મૈશેરી, સ્વ. સરોજબેન વિજય મુનવર પરિવાર વતી શ્રી વિજયભાઈ જવેરચંદ મુનવર, માતુશ્રી વિજયાબેન કુલીનકાંત લોડાયા, માતુશ્રી ચંદનબેન ડુંગરશી ચુલરા પરિવાર વતી શ્રી હરીશભાઈ ચુરલા, શ્રી હિરાચંદભાઈ નરશી દંડ અને એક્તા મહિલા મડંળના પ્રમુખ શ્રીમતી મીનાબેન મહેશ લાલાકા વિગેરે મહાનુભાવોએ સ્થાન દીપાવ્યું હતું. તેઓનું મંડળ દ્વારા ખાસ સન્માન કરવામાં આવેલ.

આ મહાનુભાવોના હસ્તે સમાજના આશરે ૨૦૦ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. મંડળે દરેક વિદ્યાર્થીઓને ચાંદીની ગીની અને ઈનામ આપીને નવાજ્યા હતાં. દ્વિતીય નંબર અને કોલેજ ઉપરના વિશિષ્ટ સિદ્ધી મેળવનારા તમામ વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરીને વિદ્યાશક્તિ એવોર્ડ આપ્યો હતો. રમેશભાઈ દંડ, ડો. મધુકાન્ત ધરમશી, મધુકાન્ત લોડાયા, પદમશીભાઈ લાલકા અને મિતેશભાઈ ધરમશીએ પ્રાસંગિક ઉદબોધન આપેલ. શ્રી મિતેશભાઈએ જૈન માયનોરીટી સ્ટેટસ અંગે જરૂરી માર્ગદર્શન પુરું પાડેલ.

આ કાર્યક્રમમાં ૬૦૦ થી વધારે સંખ્યામાં નાના - મોટા જ્ઞાતિજનોએ હાજરી આપી. મંડળના માનદમંત્રી શ્રી કેતન લોડાયાએ આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિપુલ લાલકાએ કર્યું હતું. જ્યારે કોમ્પીટીશનનું સંચાલન જીગર મૈશેરી અને મયુર ધરમશીએ કર્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખશ્રી મિતેશ મોતા, ઉપપ્રમુખો સર્વે શ્રી હાર્દિક નાગડા, શ્રી હિમાંશુ લાલકા, માનદમંત્રી શ્રી કેતન લોડાયા, સહમંત્રી શ્રી મિકિર ખોના, ખજાનચી શ્રી જીગર મૈશેરી, સહખજાનચી શ્રી ધવલ લોડાયા, કોપ્ટ શ્રી મયુર ધરમશી અને ભાવિક નાગડા, અમિત નાગડા, દિપેશ ખોના, દિલીપ મોતા, વિપુલ લાલકા, રાહુલ ખોના, વિશાલ લોડાયા, નીરવ લાલકા, મયુર મૈશેરી, સાગર મોમાયા, સાગર લોડાયા, મોહિત મોમાયા, ભૂમિ લોડાયા, હિરલ મુનવર, માર્ગી લોડાયા, અક્ષી લાપસીયા, કોમલ લોડાયા વિગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

**શ્રી ક.દ.ઓ. બાયઠ મહાજનશ્રી સર્વે દાતાઓ તથા સ્વપ્ન ઉછામણીમાં ઉછળતા ભાવે ભાગ લેનાર સર્વે ભાગ્યશાળીઓનો ખુબ ખુબ આભાર માને છે.**
**સર્વે ગામઈઓ તથા નિયાણી બહેનોને મિચ્છામિ દુકડમ**
**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટના પ્રમુખ ઠાકરશી મેઘજી ગોસરના જય જિનેન્દ્ર**

**વારાપધ્ધરમાં કુળદેવી ચામુંડા માતાજીને નમતા "લાલકા પરિવારની સમુહ પેડી" કારતક સુદ ૧૫ તા. ૬.૧૧.૧૪ ગુરૂવારનો વારાપધ્ધર ગામે રાખેલ છે. પેડી - પ્રસાદ લાભ લેનાર દાતા જ્યોતીબેન કાન્તીલાલ લાલકા (બાંઢીયા - આદીપુર) સર્વ ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ.**
**સંપર્ક : કાન્તીલાલ કાનજી લાલકા : 9377088890**

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।। **કચ્છી જૈન ફાઉન્ડેશન પ્રેરિત** ।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

## શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન જૈન સંઘ લારકીન્સનગર-ડોંબિવલી

### પર્યુષણ મહાપર્વ - ચૈત્ય પરિપાટી

રાષ્ટ્રસંત ભારત દિવાકર, અચલગચ્છાધિપતી પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગર સૂરિશ્વરજી મ.સા.** તપસ્વીરત્ન અચલગચ્છા–ધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.** ના આશિષથી પર્યુષણ મહાપર્વનો જામ્યો હતો રૂડો રંગ, પર્યુષણ મહાપર્વ રૂડી રિતે ઉજવાયું. આરાધક બેન **શ્રીમતી કેતના (કોમલ) દામજીભાઇ જેઠાલાલ મૈશેરી**, ગામ રાપરગઢવારી આરાધના કરાવવા પધાર્યા હતા. કોઇપણ ચડાવા ન બોલતા માત્ર લક્કી ડ્રો વડે કલ્પસૂત્ર પોથી, ૧૪ મહાસ્વપ્નો, પારણું અને દ્વાર ઉદ્દ્ઘાટન ના લ્હાવા આપવામાં આવ્યા હતા.

મહાવીર જન્મ કલ્યાણ દિવસે લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી. પાંચમ ના પાવન દિવસે **શ્રીફળની પ્રભાવના સાચી બિંદી (મેરૂ પ્રોડક્ટસ) (નાલાસોપારા)** તરફથી રાખવામાં આવી હતી. **તપસ્વીના સામૂહિક પારણા માતુશ્રી માધુરીબેન હીરાચંદ પટેલ પરિવાર** ગામ તેરાવાળા હાલ લારકિન્સ નગર લાભ લીધેલ.

પર્યુષણ મહાપર્વ બાદ **ચૈત્ય પરિપાટી**નું આયોજન કરવામાં આવેલ. તપસ્વીઓને નિ:શુલ્ક યાત્રા કરાવવામાં આવેલ. જેમાં **માનસ મંદિર (શાહપુર), ધર્મચક્ર (નાસિક), શ્રી શાંતિનાથ જીનાલય, શ્રી મુનિસુવ્રત સ્વામી જીનાલય અને શ્રી સંભવનાથ જીનાલય (દેવલાલી)** ના દર્શન કરાવવામાં આવ્યા હતા. **રાષ્ટ્રસંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ** મ.સા. દ્વારા દર્શન અને માંગલિક શ્રવણ કરવામાં આવ્યું. સર્વે તપસ્વીઓ અને સર્વે લાભાર્થી દાતાશ્રી પરિવારની ખુબ ખુબ અનુમોદના !!!

### :: ચૈત્ય પરિપાટી ના લાભાર્થી પરિવાર ::

બસના દાતાશ્રી પરિવાર : **માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા** (રાપરગઢવારી), **માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા** (વરાડીયા)
નવકારશીના દાતાશ્રી પરિવાર : **શ્રી રાયચંદ દેવશી જીવાણી** (જખૌ),
બપોરના સાધર્મિક ભક્તિના દાતાશ્રી પરિવાર : **શ્રી લૈરીન વર્ધમાન ખોના** (સુજાપુર/પવઇ) **અને એક સદગૃહસ્થ,**
ચૌવિહારના દાતાશ્રી પરિવાર : **શ્રી ભુપેન્દ્ર ડુંગરશી મોતા** (તેરા/મલાડ) **સાચી બિંદી (મેરૂ પ્રોડક્ટસ)** (નાલાસોપારા) લાભ લીધેલ.
ફોટોગ્રાફી : **શ્રી નરેશ મૈશેરી (લાલા)**, પર્યૂષણ પર્વ દરમ્યાન નિ:શુલ્ક ફોટોગ્રાફી કરી હતી. મો. ૯૯૨૧૧૨૭૯૭૯, ૯૩૨૧૧૨૭૯૭૯

**લી. શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન જૈન સંઘ લારકિન્સ નગર વતીથી**
શ્રીમતી જીજ્ઞા વિજય છેડા (સુજાપુર), શ્રી ઠાકરશી હેમરાજ દેઢીયા (શેરડી) અને સર્વે કાર્યકતાઓ વતી થી **મિચ્છામી દુક્કડમ્ !!!**

।। શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ।।

# SHETH NARSHI NATHA CHARITY TRUST FUND

## શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ

(Trust Regd. No. A/1467, Maharashtra • Trust Regd. No. A/1150 Gujarat)
309 / 311, Narshi Natha Street, Kharek Bazar, Mumbai - 400 009. Tel.: 09819476325

**શેઠ નરશી નાથા ધર્મશાળા**
પાલીતાણા, જી. ભાવનગર, ગુજરાત
પીન - ૩૬૪ ૨૭૦
ફોન : (૦૨૮૪૮) ૨૫૨૧૮૬

**શ્રી ચંદ્રપ્રભજી તથા શ્રી શાન્તિનાથજી**
**(વિર વસઈ ટુંક) નલીયા જૈન દેરાસરજી**
નલીયા, તા. અબડાસા, જી. કચ્છ. ગુજરાત
પીન - ૩૭૦ ૬૫૫ ફોન : (૦૨૮૩૧) ૨૨૨૩૨૭

**।।ૐ હ્રીં શ્રીં ચંદ્રપ્રભ સ્વામીને નમઃ।। ।। નમો નમઃ ગુરૂ ગુણસાગર સુરયે।।**

**શેઠ નરશી નાથા ધર્મશાળા પાલીતાણા મધ્યે સવંત ૨૦૭૦ની દ્વિમાસિક ચાર્તુમાસ આરાધના અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ગુણોદયસાગર સૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તિની પ. પૂ. સા. નરેન્દ્રશ્રીજી મ. સા. ના શિષ્યા પ. પૂ. સા. મહોદયશ્રીજી મ. સા. આદિઠાણાના સાનિધ્યમાં થયેલ તેની અનોખી ઝલક :**

● દરરોજ સવારે ભક્તામર અનુષ્ઠાન આરાધના, ● શાંત સુધારસ ગ્રંથ તથા પ્રિયંકરનૃપ ચરિત્ર પર મનનીય પ્રવચનો, ● દર અઠવાડિયે જિનાલયમાં પરમાત્મા સમક્ષ ૧૨ કલાકના જાપ ● શ્રી પૂજન લાભાર્થી શ્રીમતી જયાબેન નરશી ધરમશી-નલિયા-મુલુંડ ● પૂ. ચંદ્રપ્રભુ પરમાત્માના ૨૫૦ અભિષેકનો ભવ્ય અનુષ્ઠાન, લાભાર્થી માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા - વારાપધર - વાપી, ● પૂ. નેમનાથ પ્રભુના જન્મ કલ્યાણકનો ભવ્ય સ્નાત્ર મહોત્સવ લાભાર્થી : માતા-પિતા-શ્રીમતી ચંદાબેન મહેન્દ્રભાઈ મોમાયા-સાંયરા-રાજકોટ, ઈન્દ્ર-ઈન્દ્રાણી શ્રીમતી મણીબેન મધુકાંત મોમાયા-વરાડીયા-અંકલેશ્વર, ● શ્રી નેમનાથ પ્રભુના દિક્ષા કલ્યાણકે સંયમ ઉપકરણ વંદનાવલિ લાભાર્થી : વરસીદાન આપવાનો ચડાવો - શ્રીમતી મણીબેન મધુકાંત મોમાયા-વરાડીયા- અંકલેશ્વર, વિજય તિલકઃ માતુશ્રી વિજયાબેન કુલીનકાંત લોડાયા-રવા-ગાંધીધામ, ભરેલી છાબથી પ્રદક્ષિણા : ઉષાબેન નાગડા, ● વામા માતાજીનો થાળ : લાભાર્થી શ્રીમતી ચંદાબેન મહેન્દ્ર મોમાયા-સાંયરા-રાજકોટ, ● શ્રી અરિહંત વંદનાવલિ સહ ૨૪ તીર્થંકર પૂજનઃ લાભાર્થી છ આરાધક બહેનો, ● શ્રી પાર્શ્વ પદ્માવતી મહાપૂજન લાભાર્થી : છ સાહલીઓ, ● શ્રી વીશ સ્થાનક મહાપૂજન લાભાર્થી : માતુશ્રી પ્રેમાબાઈ ધનજી લોડાયાના આત્મશ્રેયાર્થે હસ્તે : શ્રીમતી નિર્મલાબેન, પ્રફુલચંદ્ર લોડાયા-મંજલ ● શ્રી નમિઉણ સ્નાત્ર-જાપ-મહા અનુષ્ઠાન લાભાર્થી : શ્રી નરેન્દ્ર ખોનાની પુણ્ય સ્મૃતિમાં હસ્તે : માતુશ્રી વેલબાઈ આણંદજી ખોના-સાંધવ-ગાંધીધામ, ● ભક્તામર મહાપૂજન : લાભાર્થી માતુશ્રી મધુબેન રજનીકાંત ખોના -નલિયા-ઘાટકોપર, ● શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન : લાભાર્થી શ્રીમતી મણિબેન મધુકાંત મોમાયા-વરાડીયા-અંકલેશ્વર, ● શ્રીમતી ચંદાબેન મહેન્દ્ર મોમાયા-સાંયરા-રાજકોટ, ● શ્રી ગિરિશિલા અભિષેક સહ શંત્રુજય મહાપૂજનઃ શ્રીમતી મનોરમાબેન નરેશભાઈ મોમાયાની ૯૯ યાત્રાની અનુમોદનાર્થે શ્રી નરેશભાઈ ભવાનજી મોમાયા-નલીયા-ઘાટકોપર

દ્વિમાસિક ચાર્તુમાસ દરમ્યાન કુલ ૧૦૩ આરોધકો આરાધનાનો સુંદર લાભ લીધેલ.

શ્રી સિધક્ષેત્ર આયંબીલ વર્ધમાન ખાતા માટે આરાધકો તરફથી રૂ.૧,૧૧૧૧૧/-નો સુંદર ફાળો એકત્ર થયો હતો.

શ્રી ચાર્તુમાસના ફંડમાં ૧ પ્લેટીનમ દાતા. ૯ ગોલ્ડન દાતા તથા ૪૮ સીલ્વરદાતાઓએ આ ચાર્તુમાસની અનુમોદનાર્થે પોતાની સંપત્તિને સુકૃતમાં વાવીને પુણ્યમયના સહભાગી થયા છે.

## શ્રી મહાપર્વ પર્યુષણની વિશિષ્ટ ઝલકોઃ

● કલ્પસૂત્ર પોથી પધારવવાનો ધૃત મણ : ૬૩૦૦ લાભાર્થી શ્રી લાલા-તેરા-સાંયરા (હ.કમલેશભાઈ દંડ-તેરા), ● કલ્પસૂત્ર પોથી પૂ.ગુરૂમહારાજને વહોરાવવાનું ધૃત ૩૩૩૩ મણ લાભાર્થી : માતુશ્રી જવેરબાઈ રતનશી લોડાયા - મોટી ખાવડી-મુલુંડ હસ્તે : નવિનચંદ્ર રતનશી લોડાયા, ● વરઘોડામાં પ્રભુજી સાથે રથમાં બેસવાનું ધૃત મણ ૧૮૦૭૨ લાભાર્થી : માતુશ્રી કુંવરબાઈ વિસનજી માંયા મોતા સુથરી-વિક્રોલી, ● ઈન્દ્રાણી

બની પ્રભુજીને પોંખવાનું ધૃત મણ ૭૧૧૧ લાભાર્થી : શ્રીમતી મણીબેન મધુકાંત મોમાયા-વરાડીયા-અંકલેશ્વર, ● વરઘોડામાં પ્રભુજીના રથના સારથી બનવાનું ધૃત મણ ૯૦૦૧ લાભાર્થી : શ્રી રાયચંદ હંસરાજ ધરમશી-સુથરી-વરલી, ● ૧૪ સ્વપ્ન દરમ્યાન વીરપ્રભુના શાસનના મુનિમજી બનવાનો ચડાવો રૂપિયા.૨૭૦૨૭ લાભાર્થીઃ શ્રી દેવજી રાયશી ધુલ્લા- સુથરી - ઊંઝા, ● ૧૪ સ્વપ્ન દરમ્યાન ત્રિશલામાતાજી બનવાનો ચડાવો રૂપિયા ૩૭૦૩૭, લાભાર્થી : શ્રીમતી મનોરમાબેન નરેશભાઈ મોમાયા-નલીયા- ઘાટકોપર, ● મોક્ષની બારી ખોલવાનું ધૃત ૧૭૦૦૧ મણ લાભાર્થી : માતુશ્રી વેલબાઈ આણંદજી ખોના-સાંઘવ-ગાંધીધામ, ● ૧૪ સ્વપ્નનું કુલ ધૃત ૧૯૯૬૭૨ મણ, ● પારણું ઝુલાવવાનું ધૃત ૬૬૬૬મણ પારણું પધરાવવાનું ધૃત ૩૧૦૩૧ મણ લાભાર્થી : માતુશ્રી કુંવરબાઈ વિશનજી માંયા મોતા સુથરી - વિક્રોલી ● બારસા સૂત્ર વહોરાવવાનું ધૃત ૭૨૭૨ તથા ગુરૂપૂજનનો ચડાવો રૂપિયા ૨૦૦૦૧, લાભાર્થી : માતુશ્રી કુંવરબાઈ વિશનજી માંયા મોતા-સુથરી-વિક્રોલી, ● પૂ. ગુરૂપૂજનનો ચડાવો રૂપિયા ૧૦૦૦૦, લાભાર્થી : શ્રી શાંતીલાલ મુરજી શાહ, તુંબડી-અમદાવાદ, ● તપસ્વીઓનું તિલકથી બહુમાન ચડાવો રૂપિયા ૬૧૬૧, લાભાર્થી : શ્રીમતી દમયંતીબેન દીલીપભાઈ દંડ -વરાડીયા-અમદાવાદ,
● તપસ્વીઓનું માળાથી બહુમાન ચડાવો રૂપિયા ૬૬૬૬, લાભાર્થી : શ્રી કરમશી ખીમજી ડાઘા-દલતુંગી-ઔરંગાબાદ, ● તપસ્વીઓનું શ્રીફળ તથા કવરથી બહુમાન ચડાવો રૂપિયા ૬૬૬૬, લાભાર્થી : શ્રીમતી મનોરમાબેન નરેશભાઈ ભવાનજી મોમાયા-નલિયા-ઘાટકોપર, ● તપસ્વીઓને પ્રથમ પારણા કરાવવાનો લાભ રપિયા ૩૨૦૦૦, માતુશ્રી પુષ્પાબેન મહેન્દ્રભાઈ લાપસીયા-કોઠારા –ડોંબિવલી, ● જ્ઞાતિ શિરોમણી શઠેઃ શ્રી નરશીનાથાની છબીને માળા પહેરાવી ચડાવો રૂપિયા ૫૫૫૫, લાભાર્થી : માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા -વારાપધર-વાપી. માતુશ્રી મધુરીબેન રાયચંદ છેડા-નલિયા-વાપી,

## દ્વિમાસી ચાર્તુમાસ તથા પર્વાધિરાજ પર્યુષણમાં વિશિષ્ટ તપસ્યાઓ

૩૧ ઉવપાસ : પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા.( સંસાર પક્ષે માતુશ્રી કુંવરબાઈ વિશનજી માંયા મોતા સુથરીવાલાની સુપુત્રી તથા શ્રી પદમશી કાનજી ધરમશી જખૌવાલાના પુત્ર વધુ)

● ૨૧ ઉપવાસ - ૧ ●૨૦ ઉપવાસ - ૧ ● ૧૮ ઉપવાસ - ૧ ● ચતારિ-અઠ્ઠ-દશ-દોય - ૧ ●૧૬ ઉપવાસ -૨ ●૧૫ ઉપવાસ - ૧ ●૧૧ ઉપવાસ -૪ ● ૯ ઉપવાસ - ૭ ● ૮ ઉપવાસ - ૧૬ ●૨૨ પરિષદ જયતપ - ૧૫ ●સિધ્ધ શિલાતપ - ૪૫ ● ૬૪ પહોરી પૌષધ - ૨૪

● દ્વિમાસિક ચાર્તુમાસ આરાધકોને શેઠ શ્રી નરશીનાથા ટ્રસ્ટ ફંડ તથા શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ સુથરી વાળા તરફથી બહુમાન રૂપે રૂપિયા ૧૦૦૦ની પ્રભાવના કરવામાં આવેલ, ● દ્વિમાસિક ચાર્તુમાસ દરમ્યાન શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ સુથરી-વરલી તરફથી શ્રી પુરબાઈ ધર્મશાળામાં પધારેલ આરાધકોને નિઃશુલ્ક રહેવાની તથા ઈતર સુંદર સગવડ આપવામાં આવેલ તે બદલ સંસ્થા તેમનો ખૂબ ખૂબ આભાર પ્રદાન કરે છે, ● શ્રી ચાર્તુમાસ દરમ્યાન પુરોહિત કેટર્સવાળા શ્રી ભવાની સિંહ પુરોહિત દ્વારા સુંદર કેટરીંગ સર્વીસ આપવામાં આવેલ જે એક યાદગાર બની રહેશે, ● દ્વિમાસી ચાર્તુમાસ દરમિયાન તથા પર્યુષણ પર્વમાં સંસ્થાના મહેતાજી નવીનચંદ્ર મુલચંદ દંડ, (નલીયાવાળા), શ્રી ઉમરશી ભાઈ, સંસ્થાના સનિષ્ઠ કર્મચારી રામભાઈ તેમજ શ્રી ખુશાલભાઈ - શ્રી ભદ્રીકભાઈ મૈશેરી, મહેન્દ્રભાઈ જયેશભાઈ નાગડા, રમેશભાઈ-ગીરીશભાઈ-ગીતાબેન ( આરાધકોની અતિ સુંદર સેવા કરી છે) ગુણવંતીબેન - નવલબાઈ - માનબાઈ નાગડા- ચેતનભાઈ-પૂજારી સુરેશભાઈ તથા ઉષાબેન-રશ્મિબેન (દરેક પુજન વખતે અતિ સુંદર સેવા વગર આળસે આવી છે), ● આ ચાર્તુમાસ પ્રસંગે નામી-અનામી શ્રાવક -શ્રાવિકાઓ- સદ્‌ગ્રહસ્થો-સન્નારીઓનો સહકાર યાદગાર બની કહેશે. શેઠ કેશવજી નાયક ધર્મશાળા, વીરબાઈ પાઠશાળા-નવલસોનરાય શ્રમણી વિહાર (પુરબાઈ ધર્મશાળા) તથા કચ્છીભવન ધર્મશાળા-તેમના મેનેજરો તથા કર્મચારીઓનો પણ વિશિષ્ટ પ્રેમ ભર્યો સહયોગ પ્રાપ્ત થયો છે.

જનરલી અમારી સંસ્થા આપ સૌને ખૂબ આભાર વ્યક્ત કરે છે.

આભાર........અનુમોદના.......મિચ્છામી દુક્કડ્‌મ

**શેઠ નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીગણ તથા મેનેજર**

: શ્રી શાંતિનાથાય નમોનમઃ

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવ દ્વારા**
**સ્નેહમિલન મઠે મેળાવડે જો મઠો નોંતરો**
**સાંધવગામનું સ્નેહમિલન તા.૦૯.૧૦.૧૪**
**રવિવારના બપોરના ૩.૦૦ કલાકે બેંકવેંટ**
**હોલ, અનંતસિધ્ધિ ભાડુંપ (વે)**

નિયાણી બહેનો બનશે સમારોહની શાન.....

સ્નેહમિલન સાથે સરસ્વતી બહુમાન, તપસ્વી બહુમાન, ચાર્તુમાસ દાતાશ્રીઓનું બહુમાન, સામાજીક તેમજ શૈક્ષણિક ક્ષેત્રે સફળ થયેલ વ્યક્તિઓનું બહુમાન, તેમજ વિશિષ્ટ બહુમાન, સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન અને દાંડીયારાસ રાખેલ છે.

મોટી તપસ્યા- તપસ્વીઓ, શૈક્ષણિક ધો.૧થી ૧૦ ૧. ૮૦% થી ઉપરના ધો ૧૧ થી ગ્રેજ્યુએટસુધી ૧ ૭૦% થી ઉપરના સંપર્ક સાધવો. સાંજના ૬ કલાકે ચૌવિહારની વ્યવસ્થા અલ્પાહાર. મુંબઈ-કચ્છ-બહારગામ વસતા સર્વે ગામ વાસીઓ તેમજ નિયાણી બેહનો ઉપરોક્ત આ આમંત્રણને રૂબરૂ સમજી પ્રેમથી પધારશો.

સંપર્ક : પ્રવિણ મોતા મો. 9821330914
વિપુલ પટેલ મો. 9892199197
સંદિપ લોડાયા મો. 9867167387
રાજેશ દંડ મો. 9321129696

**શ્રી ક.દ.ઓ. સાંધવ જૈન જ્ઞાતિ મહાજન વતી**
**શ્રી શામજી નરશી દંડ**

---

**શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન**

**કેલેન્ડર ૨૦૧૫**

શ્રી સમસ્ત મહાજન દ્વારા ગત વર્ષોની જેમ આ વર્ષે પણ, ૧૩ પાનાનું આર્ટ પેપર પર રંગીન, માહિતી સભર, અચલગચ્છીય સમાચારી અનુસારનું કેલેન્ડર પ્રસિધ્ધ કરાશે.

જ્ઞાતિજનોને આ કેલેન્ડર માટેની ઉપયોગી માહિતી તથા સલાહ સુચન સત્વરે આપી એને સમૃધ્ધ બનાવવા અને જા.ખ.આપી સહયોગ આપવા અનુરોધ છે.

સંસ્થાકીય કેલેન્ડરો ન છાપી સહયોગ આપવા સંસ્થાઓને વિનંતિ જ્ઞાતિના પ્રીન્ટરોને વિનંતીકે પોતાનું એટલે કે આપણું આ કાર્ય છે એમ સમજી ઊચ્ચતમ મુદ્રણ, ગુણવત્તાવાળું પેપર અને સમયબધ્ધ પુર્ણ કરવાની ગણતરી સાથે કીફાયતી દરના કોટેશનો તા.૧૦.૧૦.૧૪ સુધી કાર્યાલયે મોકલી આપવા.

**સેક્રેટરી - ચીમન મોતા**

---

**શ્રી રંગપુર સામતાણી નાગડા નમિતરણ પરિવાર**

કુળદેવી શ્રી અંબે માતાજીના શુભઆશિષથી **આઠમી ભવ્ય સમૂહ પહેડી રવિવાર તા.૨૮.૧૨.૧૪ના ઔરંગાબાદ** મધ્યે રાખેલ છે.

લાભાર્થી પરિવાર **માતુશ્રી કલ્પનાબેન જયંતીલાલ રામજી નાગડા હ. પ્રણવ કશિશ, ગીતા, અભય**

પ્રભુજીનું પારણું પધરાવવાનો લાભ શ્રી સખી ગ્રુપ કલીકટે ૧૧ મણમાં લીધેલ. તપાગચ્છનાં ૫ જણાએ અઠ્ઠાઈ તપ કરેલ. આરાધના કરાવવા સુરતથી પંડિત અરવિંદભાઈ મહેતા પધારેલ. પર્વ દરમ્યાન રોજ સવારના ભક્તામર. રાઈ પ્રાતિક્રમણ પ્રભુજીની પૂજા વ્યાખ્યાન, બપોરના પૂજા, સાંજનાં પ્રતિક્રમણ ધાર્મિક ચર્ચા, ભક્તિ ભાવના કરવામાં આવેલ.

તા.૩૧.૦૮નાં બપોરના શેઠ કસ્તુરચંદ શેઠ તરફથી સાધર્મિક ભક્તિનો સંઘે લાભ લીધેલ.

## રાયપુર કુંથુનાથ જિનાલયે અઢાર અભિષેક

રાયપુર શ્રી કુંથુનાથ જિનાલયમાં તા.૨૪.૦૮.૧૪ ને રવિવારના બપોરે શ્રી અઢાર અભિષેકનો કાર્યક્રમ વિધિકાર શ્રી મુલચંદ મેઘજી દેઢિયાના માર્ગદર્શનમાં રાખવામાં આવેલ. જેમાં ૧૮ પરિવારોએ નકરો ભરી લાભ લીધેલ.

સુર્ય દર્શન - ૧૧૧૧ માતુશ્રી ચંપાબેન ઉમરશી શાહ, ચંદ્ર દર્શન - ૧૦૦૧માં શાંતિલાલજી ચમ્પા લાલજી પોરવાલ પરિવાર, ૧૦૮ દિપકની આરતી ૩૩૩ મણમાં માતુશ્રી ચમ્પાબેન ઉમરશી શાહ પરિવાર, મંગલ દિપક ૨૬૧ મણમાં માતુશ્રી લક્ષ્મીબેન કલ્યાણજી નાગડા પરિવારે, શાંતિ કળશ ૨૬૦૧ રૂ.માં માતુશ્રી નિર્મલાબેન વિરચંદ છેડા પરિવારે લાભ લીધેલ.

સંઘ દ્વારા સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ. ગોશાળામાં સંઘ તરફથી જીવદયારૂપે ૭૦૧ ગાયોને ચારો વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમ માટે ધવલ મહેન્દ્ર લોડાયાએ સારી જહેમત લીધેલ.

## શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી ૩૮મો વાર્ષિકોત્વ અને સ્નેહમિલન

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના ૩૮ માં વાર્ષિકોત્સવ અને સ્નેહમિલન સમારોહ નિમિત્તે મહાકાળી માતાજીની ભાવના શનિવાર, તા.૪ ઓકટોબર ૨૦૧૪ના બપોરે ૩.૦૦કલાકે ભણાવવામાં આવશે.

૩૮મો વાર્ષિક સ્નેહમિલન રવિવાર તા.૫ ઓકટોબર ૨૦૧૪ સવારે ૧૦ કલાકથી આરંભાશે.

કાર્યક્રમોનું સ્થળઃ હોરાઈન હોલ, શનિશ્વર મંદિરની સામે, શંખેશ્વર નગર, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ) છે.

## શ્રી અંકુશ મિત્ર મંડળ ગાંવદેવી ડોંબિવલી (વે) ની નવરાત્રિ

ડોંબીવલીના મંડળની પ્રેરિત ગુજરાતી સમાજ નવરાત્રિ આયોજનમાં ક.દ.ઓ. જ્ઞાતિના પરેશ જયંતીલાલ માલદે અને કિરીટ કાંતીલાલ લોડાયા એ ખાસ ફાળો આપ્યો હતો.

## ક.દ.ઓ.જૈન મહિલા મંચ-નાગપુર

ક.દ.ઓ. જૈન મહિલા મંચ નાગપુરની મિટીંગ તા.૧૨ જુલાઈ ૨૦૧૪ના સૌ.મધુ મુનવરને ત્યાં યોજાઈ હતી. જેમાં જીવ વિચારની પરીક્ષામાં પ્રથમ તથા દ્વિતીય આવનાર મહિલાઓને મહિલામંચ

તરફથી ઈનામ આપવામાં આવ્યા. નાગપુરમાં અનુક્રમે સૌ.મીના મૈશેરી તથા સૌ.તૃપ્તિ ખોનાને આ ઈનામ મળ્યા હતાં.

સહુએ મળીને જીવદયા ખાતેનો ફાળો જમા કર્યો.

હાઉસીની રમતમાં પ્રથમ ઈનામ સૌ.કાજલ પોલડિયા તથા દ્વિતીય ઈનામ સૌ. પ્રગતિ ખોનાને મળ્યું.

સૌ. મધુબેને લગ્નપ્રસંગે કરવામાં આવતી સાડીની પેકીંગ તથા તેને કઇ રીતે શણગારવી તે શીખવાડયું.

તા.૨ ઑગસ્ટ ૨૦૧૪ના સૌ. સુમતિબેન લોડાયાને ત્યાં મહાકાલી માની ભાવના તથા મિટિંગ યોજાઈ હતી. મિટીંગ દરમ્યાન મોબાઈલ નંબરની અંક ગેમ રમાડવામાં આવી જેમાં સૌ.તૃપ્તિબેન ખોના જીત્યા હતા.

## જામનગરમાં સ્વામિવાત્સલ્ય

જામનગરમાં વસતા ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો દ્વારા ગત તા. ૨૧.૯.૨૦૧૪ સ્વામીવાત્સલ્ય તેમજ મહાકાળી માતાજીની ભાવનાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમગ્ર મહાજનો બહોળી સંખ્યામાં હાજર રહી તન, મન અને ધનથી ઉત્સાહ ભેર માણેલ.

મહાકાળી માતાજીની ભાવના ભણાવામાં આવેલ જેનો લાભ માતુશ્રી કંચનબેન ગીરીશભાઈ દંડ પરિવારે લીધો હતો. ભાવના બાદ માતુશ્રી કંચનબેન ગીરીશભાઈ દંડ પરિવારે તરફથી રૂ. ૧૦ નું સંઘ પૂજન કરવામાં આવેલ હતું.

તપસ્વી યાદી : ગીતા વિમલેશ માલદે ૧૧ ઉપવાસ (પાલીતાણા), પ્રકાશ કાન્તિલાલ ધરમશી ૯ ઉપવાસ (રંગપુર), સ્નેહા ગુલાબચંદ નાગડા (રંગપુર), હિરેન હિમતલાલ શિયાળ, મિલન અશોક દંડ ૮ ઉપવાસ (સોનગઢ), રોહન હિરેન શિયાળ (સોનગઢ).

## કોઠારા માં પૂ. ગુણાસાગરજીના જન્મ દિન ઉજવણી

કોઠારા થી તા. ૯.૯.૧૪ ને સોમવારના સુથરી દેઢીઆ, ઉમકોઠ, શેરડી, ગઢશીશા તપસ્વી પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદય સાગર સુરીશ્વરજી મ.સા.ના. જન્મ દિવસની ઉજમણા કસરવા મવાનું મોટ આસંબીયા બીદડા ૭૨ જિનાલય નાગલપુર (ચોવિહાર) તથા શિવમસ્તુ શ્રી કોઠારા પર ચૈત્ય પરિપાટીના સહયોગી શા. મણીલાલ રાયચંદ લોડાયા, શ્રી પ્રતાપ નેણશી ધરમશી (પાડા) તથા રાયચંદ શીવજી લોડાયા એ સહકાર આપ્યો હતા ઘણા ગામવાસી તેમાં જોડાયા હતા.

## સાંધવ પર્યુષણ ઉજવણી

મુંબઈથી ભુજ સાંધવ પર્વ પર્યુષણમાં જતી વખતે ટ્રેનના ટીકીટના લાભાર્થી શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર દાદર અને ભુજથી મુંબઈ આવતી વખતે ટ્રેનના ટીકીટના લાભાર્થી શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા લોખંડવાલા ઘાટકોપર વાળાએ લાભ લીધેલ.

પર્વ દરમિયાન દેરાસરને શણગારવાનો તેમજ ઉપાશ્રયને શણગારવાનો લાભ શેઠશ્રી શામજી નરશી દંડ પરિવારે લિધેલ.

સાંધવ ચાર્તુમાસ કરી રહેલ આરાધકો ચૈત્યપરિપાર્ટી રૂપે મકડા, ગઢશીશા, શેરડી, ૭૨ જિનાલય, બિદડા, કપાયા, રાયણ, ગોધરા, મેરાવા, નાગલપુર, દેઢિયાતીર્થ, દેઢિયાગામ, ડુમરા તિર્થોએ ગયા. પંચતિર્થી કરાવવાનો લાભ ચાર્તુમાસ દાતા પરિવારો શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા ઘાટકોપર અને શેઠશ્રી શામજી નરશી દંડ મુલુંડએ લીધેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, આણંદ

આણંદ મહાજનના સભ્યોએ તા. ૧૪.૯.૧૪ને રવિવારના રોજ વાલવોડ તીર્થ, કાવીતીર્થ, ગંધારતીર્થ તથા ભરૂચતીર્થ એ પુજા - દર્શન તથા સામુહિક ભક્તિનો લાભ લીધેલ.

યાત્રામાં નવકાશીનો લાભ સ્વ. સુશીલાબેન ઝવેરચંદ ધરમશી ગામ મંજલ રેલડીયાના પુત્રવધુના હસ્તે શ્રીમતી જ્યોતીબેન નિતીનભાઈ ધરમશી હાલ આણંદ એ લાભ લીધેલ. શ્રી ઠાકરશીભાઈ મૈશેરી, શ્રી કિશોરભાઈ લોડાયા, શ્રી પ્રફુલભાઈ ગાલા, શ્રી પ્રવિણભાઈ જીવરાજ તથા શ્રી મહેશભાઈ લોડાયા એ આર્થિક સહયોગ આપેલ.

બસ પ્રવાસ દરમ્યાન શ્રી મુલચંદભાઈ દંડ, શ્રી કિશારભાઈ લોડાયા તથા શ્રી પ્રકાશભાઈ લોડાયાએ સ્તવન તથા સ્તુતિની રમઝટ

બોલાવેલ. શ્રીમતી ભાવનાબેન લોડાયા તથા શ્રી મોહિતભાઈ લોડાયાએ જ્ઞાનની ગમ્મત સાથે રમતોનું આયોજન કરેલ. કું. નિરાલી દંડ તથા શ્રી મહેન્દ્રભાઈએ કોયડા પુછયા.

જ્ઞાતિ આગેવાન ઠાકરશી ગોવિંદજી મૈશેરીના ૭૦માં જન્મદિને ઘર દેરાસરમાં ભક્તિ ભાવના રખાઈ તથા તેમને શુભેચ્છા અપાઈ.

## ભાડુંપમાં પર્વની આરાધના

ભાડુંપમાં તપોનિધી પ.પૂ.સા.શ્રી અરૂણોદયાશ્રીજી મ.સા.ના સુશિષ્યા.પ.પૂ.શ્રી. જિનવરગુણા શ્રીજી.મ.સા.ની નિશ્રામાં પર્યુષણની આરાધના થઈ. સવાર સાંજના દાદા દરબારે ઢોલશરણાઈ સાથે મુજરો. અનંત શ્રાવક સામાયિક, મંડળ સાથે સામાયિક પક્ષાલ ઉછામણીના આદેશે પ્રથમ પૂજા આરતી મંગળ દીવો પ્રભાવિક, પ્રવચન તથા શ્રી ક.દ.ઓ. મહિલા મંડળ દ્વારા પૂજા સાંજે દાદાની આંગી નેહા લોડાયા કુ.પ્રિયલ લોડાયા, ધારીણી અજાણી તથા દર્શના મૈશેરીએ સજાવી મોટી સંખ્યામં દેવસિક પ્રતિક્રમણ હોલ તથા નૂતન ઉપાશ્રયે રાત્રે સંઘ સાથે અનંત મિત્ર દ્વારા પ્રભુ ભાવના ભણાવવામાં આવતી. ભા.સુ.જ.ના ભાડુંપ ભાવના મંડળે વિશિષ્ટ રંગ જમાવ્યો. પ.પૂ.સા.શ્રી જિનવરણગુણાશ્રીજીએ પર્વના પાંચ કર્તવ્યો, કલ્પસુત્ર માંડણી, બારસા સુત્ર ક્ષમાપના પ્રતિક્રમણ લવ એન્ડ લીવ, Eight Wonder of World જેવા વિષયોને આવરી પ્રવચન આપ્યા મહાવીર પરમાત્માના નીકટવર્તી સબંધીઓની પરિધાન પ્રતિયોગીતા, આરતી શણગાર જેવા કાર્યક્રમો યોજાયા.

નિત્ય પ્રભાવનામાં બુંદી લાડુ, સાટાં, મોહનથાળ ગુંદર, બોલપેન, રોકડ, ગોળીયા લાડુ, મેસુર તેમજ ભા.સુ પાંચમના વ્યાખ્યાન બાદ રૂ.૪૦ નો એક એવા મોટા શ્રીફળ ૭૦૦ જણને શ્રી નવીનચંદ દામજી મોતા હ હેમંતભાઈ તરફથી થઈ સિધ્ધશીલાનું પ્રથમ આસન કટાસણું એવા ૬૫૪ જણને કટાસણાની પ્રભાવના મા. પુષ્પાબેન પાશ્વીર નાગડા હ. બીપીનભાઈ LIC વાળા તરફથી થઈ.

ભા.સુ. ચોથના શ્રી સંઘની સ્વામી ભક્તિના લાભ મા .મણીબેન નવીનચંદ મોતાએ લેતા ૫૩૨ જણે લાભ આપ્યો. ભા.સુ.છઠ્ઠના સિધ્ધિતપના તપસ્વીઓને પારણાં કરાવવાનો લાભ તેમજ સર્વપ્રકારના તપસ્વીઓને પણ પારણાં કરવાનો લાભ શ્રી ક.દ.ઓ. મહિલા મંડળે લીધો હતો. આ પ્રસંગે મા.પુષ્પાબેન દામજી લોડાયા પરિવારે સકળ શ્રી સંઘને નવકારશી કરાવી.

ભા.સુ.બીજના દિવસે ચિ.મીરલ જયેશ શિયાડની અઠ્ઠાઈએ મા. લક્ષ્મીબેન લક્ષ્મીચંદ શિયાળ હસ્તે જયેશ તથા ગીરીશભાઈએ બપોરના સ્વામી ભક્તિનો ૬૭૫ જણે લાભ આપ્યો. કેટરીંગની ઉત્તમ વ્યવસ્થા ફાઈવ સ્ટાર્સે કરેલ.

ભા.સુ છઠ્ઠના મહાવીરસ્વામીનું પારણું પધરાવતાં શ્રી સંઘના સ્વામી વાત્સલ્યે ભલારા કેટર્સના અ.સૌ.જયાબેન ચીમનલાલ મોમાયાએ ૬૫૦જણે લાભ લીધો.

પ.પૂ.સા.શ્રી અરૂણોદયશ્રીજી મ.સા.ને દિક્ષા પર્યાયના ૬૦ વરસ પૂર્ણ થતાં પ્રથમ દિવસે ૬૦ ઉપવાસની ટહેલે ૯૨ જણે ઉપવાસ કરતાં તેઓશ્રીને સાંજીમાં શ્રી દિનેશ શીવજી ખોનાએ શ્રીફળ અને શ્રી સંઘ તિલકે અનુમોદના કરી.

નિત્ય દેવસિક સામાયિકમાં ૩૦૦ ભાવિક રહેતા અને ભા.સુ.પાંચમના ૬૫૪ જણે ભાગ લીધો. ૧૬જણ પૌષધ વ્રતમાં જોડાયા. સિધ્ધિતપમાં ૭/૧૬ ઉપવાસ માં ૩/૧૦ ઉ માં એક અને ૨૦ જણે અઠ્ઠાઈ કરી. નિત્ય ઉપવાસ એકાસણામાં ઘણા જણ થતાં.

રંગ મંડપમાં આકર્ષક રંગોળી અ.સૌ.કોમલ ખોના, અ.સૌ.તોરલ અભય ખોના અને શ્રી નિર્મલા મૈશેરી એ પૂરી.

અનુમોદના બહુમાન ૭૫માં વરસમાં પ્રવેશ કરતાં પર્વના બીજે દિવસે શ્રી સંઘના ૫૩ વરસથી અતૂટ સેવા કરતા શ્રી લહેરચંદ વેલજી મૈશેરીનો જન્મ દિવસ હોતાં શ્રી નયના નરેશ મૈશેરીએ આકર્ષક મોમેન્ટોથી તેમજ શ્રી સંઘ તરફથી કુમારભાઈ દંડે તેઓશ્રીને શ્રેષ્ઠ લખાણ સંચાલન સંગીત વકતા પ્રકવતા વગર ગુણોની અનુમોદના કરતાં સૌએ શાતાયુ થવા શુભેચ્છા પાઠવી શાલ શ્રીફળ અને અને તિલકથી ગૌરવ થયું.

નવકારશી સ્વામીભક્તિના દાતાશ્રીઓનું પણ શાલ શ્રીફળ અને તિલકથી બહુમાન થયું શ્રી સંઘની વિશિષ્ટ સેવા કરનાર, સંખ્યાબંધ કાર્યકર્તાઓની અનુમોદના સહ સિધ્ધિતપના

તપસ્વીઓ અને અન્ય તપસ્વીઓના તપની અનુમોદના કરી સાંજી અપાઈ. કર્મચારી વર્ગની સેવાની નોંધ લઈ કવર અપાયાં.

કલ્પસુત્ર પોથીજી દેવાંગ તથા ચિંતન કુમાર બાબુભાઈ દંડે ૨૦૦૫ મણમાં પધરાવી. કલ્પસુત્ર પોથીજીની રથયાત્રા બંને સંઘોની ભાડુંપના રાજમાર્ગેથી નીકળી. સિધ્ધિતપના તપસ્વીઓને ટમટમ બગીઓમાં બીરાજીત કરાયા. રાત્રી જાગરણ થયું. બંને ટાઈમ પ્રભાવના થઈ.

મહાવીર સ્વામીનું પારણું અ.સૌ.વૈશાલી દિપેશ તથા અ.સૌ.ભારતી પૂર્વેશ મોમાયા વરાડીયાએ ૧૩૧૧૩ મણમાં પધરાવ્યું. વરઘોડા તથા જાગરણામાં સંખ્યાબંધ સંબંધીઓ પધાર્યા.

સ્વપનાનું કુલ ધૃત મણ ૨૫૦૦૦૦થયું મોક્ષની બારી મા. જવેરચંદ પદમશી ખોના પરિવારે ૬૬૬૬ મણમાં ખોલી.

મહાલક્ષ્મી ઝુલાવવાનો ૨૫૨૨૫ મણમાં અ.સૌ.ભાવના અમીત મોમાયા અને પધરાવવાનું ૨૧૧૨૧ મણમાં મા.પુષ્પાબેન દામજી લોડાયાએ લાભ લીધો. ક્ષીર સમુદ્ર વહાણ ઝુલાવવાનું ૨૬૨૨૬ મણમાં અશોક કલ્યાણજી ભેદા તથા પધરાવવાનું ૬૦૬૬૬ મણમાં જયંત ભવાનજી સોનીએ લાભ લીધો. ૧૨૦૦૧, મણમાં ૧૪ સ્વપન મોક્ષ બારીએથી પધરાવવાનો લાભ પ્રેમીલાબેન લક્ષ્મીચંદ છેડાએ લીધો.

પૂ.સા.શ્રી જિનવરગુણાશ્રીજી મ.સા.નો કલ્પસુત્ર પોથીજી ૧૧૧૧૫ રૂ. અ.સૌ.મીનાબહેન ભાવેશ નાગડા હ. વિજયાબેન કુંવરજી લોડાયા તથા બારસા સુત્ર રૂ. ૨૫૫૫૫માં મા. તારાબેન હિરાચંદ નાગડા બાંઢીયા એ વહોરાવી પ્રથમ મતિજ્ઞાન પૂજા રૂ.૧૬૦૦૧ માં કરી.

છઠ્ઠના દિને દાદાનો રંગ મંડપ ૨૧૨૧ મણમાં મા. પુષ્પાબેન દામજી લોડાયા, ગંભારો ખોલવાનો ૨૧૨૧ મણમાં અમીત વિજય ખોના તથા મહાવીર સ્વામીનો ગંભારો ૧૧૧૧ મણમાં પુષ્પાબેન દામજી લોડાયા એ ખોલ્યો. પાંચજ્ઞાનની બોલી હજારો રૂ માં થઈ.

જ્ઞાતિ શીરોમણી શેઠશ્રી નરશી નાથાને રૂ. ૫૦૦૧ માં હાર પહેરાવવાનો તથા રૂ.૧૦૦૦માં ગુરૂ પૂજન કરવાનો લાભ પણ મા. પુષ્પાબેન દામજી લોડાયા પરિવારે લીધો.

ભા.સુ. પાંચમના બારસા સૂત્ર વાંચનની પૂર્ણાહૂતીએ સા.શ્રી.જિનવરગુણાશ્રીજી મ.સા.ને તેમજ સકળ શ્રી સંઘે તેજ સમયે અને પ્રતિક્રમણથી અગાઉ સૌએ એકબીજાને મોકળા મને મિચ્છામી દુક્કડમં કર્યા.

જીવદયામાં રૂ.૨૬૬૧૮નો ફાળો નોંધાયો. કલ્પસુત્ર પોથી તથા પારણાંના જાગરણમાં શ્રી સંઘની વહુઓ દિકરીઓ અને નાના બાળકો એ રાસ - ગરબા, નૃત્ય નાટક વગેરેમાં અત્યંત મન ભાવન કાર્યક્રમ રજુ કરતાં તેઓશ્રીને અલગ અલગ પરિવારોએ રૂ.૨૩૦૦૦/- ઈનામે નવાજયા ગીતા લોડાયા, મનાલી પટેલ અને રશ્મી મૈશેરીએ સૌને ઈનામ આપ્યા.

પર્વના કાર્યનું સંચાલન લહેરચંદ મૈશેરીએ

## દેવલાલીમાં ધંધાની તક

હું જ્યાં રહું છું ત્યાં દેવલાલીમાં ધંધાની તક જ્ઞાતિજન ઝડપી શકે તે માટે જણાવું છું : દેવલાલીમાં સંભવનાથ દેરાસર તેમજ શાંતિનાથ દેરાસરની આજુબાજુમાં (કચ્છી-ગુજરાતી-મારવાડી) જ્ઞાતિની એકપણ દુકાન કરિયાણા, ફરસાણને જ્યુસ સેન્ટરની નથી. દુકાનના ભાડા ૫થી૭ હજાર રૂ છે. વેચાણ લઈએ તો ૧૫થી ૨૦ લાખ છે. સંભવનાથ દેરાસર પાસે વાગડ સમાજના ૧૬૫ બ્લોકો તૈયાર થઈ રહ્યા છે. જ્ઞાતિજન આ તકનો લાભ લે. એવો અનુરોધ કસ્તુરચંદ લોડાયા - 0253-2473206.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

વિપુલ લોડાયા. નિરવ મોતા, મનોજ લોડાયાના સહયોગે કર્યુ.

ભા.સુ.પાંચમના ચૈત્ય પરિપાટી રૂપે પરમપ્રભુને જુહારી પ.પૂ.સા.શ્રીઅરૂણોદશ્રીજી મ.સા.ને શ્રી સંઘે ખમાવ્યા.

## શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજનટ્રસ્ટ ફંડ

પરજાઉમાં પર્યુષણ પર્વ હર્ષોઉલ્લાસથી ઉજવાયો. મુંબઈ-અમદાવાદ-અંજાર-કલકત્તા-સુથરી-ગાંધીધામથી ૪૦(ચાલીસ) જણ પધાર્યા હતા. શ્રી હરેશ દામજી વિકમશી-પરજાઉ-અંજારવાલાએ અઠ્ઠાઈની ઉગ્ર તપસ્યા કરેલ. પર્યુષણ પર્વમાં આરધના કરવવા મુંબઈથી શ્રી તત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી બે-બહેનો આવેલ જેમણૌ સારી આરાધનાં કરાવેલ.

કલ્પસુત્ર-૫૫૫ મણમાં માતુશ્રી મીઠીબાઈ ડુંગરશી નાગડા હસ્તે રેવંતીબેન રાયચંદ નાગડા પરજાઉ-કલકત્તા વાલાએ પધરાવેલ તથા પારણું શ્રી પરજાઉ જૈન મિત્ર મંડળ તરફથી ૧૦૧ મણમાં પધરાવેલ. સ્વપ્નનું ધૃત મણ ૮૯૧૦૩, કુલ થયેલ, મહાલક્ષ્મી ઝુલાવવાનું ૧૦૦૦૧ મણ શા લહેચંદ હીરજી મેપાણી હા નયનભાઈ મેપાણી મહાલક્ષ્મી પધરાવવાનું - ૧૭૫૦૧, માતુશ્રી મલ્યાબાઈ શરદચંદ્ર દંડ હસ્તે શા જયેશ શરદચંદ્ર દંડ

વહાણ ઝુલાવવાનું - ૧૬૦૦૧ મણ શા. લહેરચંદ હીરજી મેપાણી હસ્તે શા. નયન લહેરચંદ મેપાણી તથા વહાણ પધરાવવાનું ૨૧૦૦૧, માતુશ્રી મલ્યાબાઈ શરદચંદ્ર દંડ હસ્તે શા જયેશ શરદચંદ્ર દંડ કુલ ધૃત મણ - ૧૦૦૦૦૦/- (એક લાખ) મણ થયેલ. અમદાવાદથી પ્રમુખ શ્રી ગુલાબભાઈ ધનજીભાઈ દંડ સહકુટુંબ પધારેલ હતા.

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

સંઘ દ્વારા દર મહિનાના રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ.૫૦/- માત્ર. દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડા સ્ટેશનથી રેલ્વે દ્વારા શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન છે. સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન.૯૨૪૬૫૩૨૫૪૫.

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘની ચૈત્ય પરિપાટી

ચૈત્ય પરિપાટીના આયોજનને જાહેરાત થતાજ જોત જોતામાં બો બસના (૧૦૦ યાત્રીકોની)બુકીંગ આવી ગઈ. જિનેશ્વરધામથી કોઠી મંદિર, નવકારશીશ્રી વાસૂપૂજ્ય સ્વામી જૈન મંદિર ચતન્યપુરીમાં, બપોરનું જમણ શ્રી કુલપાકજી તીર્થમાં તથા સાંજનો ચૌવિહાર મેડચલ તીર્થમાં થયેલ.

## મોટી સિંધોડી ચૈત્ય પરીપાટી-૨૦૧૪

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ તથા ટ્રસ્ટ મોટી સિંધોડી દ્વારા આયોજીત તથા શ્રી પ્રગતિ મહિલા મંડળ તેમજ શ્રી નેમયુથ ફોરમના સંગાથે તા.૨૧.૦૯.૧૪ રવિવારે મુંબઈ સ્થિત ગુરૂભગવંતોના દર્શન વંદનાર્થે યોજેલ ચૈત્ય પરીપાટીમાં ૬૦ યાત્રિકો જોડાયા હતા. મુલુંડ શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસરમાં દર્શન તથા પ.પૂ.સા.શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા.નો ગુરૂવંદના કરી થાણામાં ચંદ્રપ્રભુસ્વામી ભગવાનના દર્શન તથા ગણીવર્ય પ.પૂ.શ્રી કવીંદ્રસાગર મ.સા. તથા પ.પૂ.શ્રી કલ્પતરૂસાગર મ.સા.ને ગુરૂવંદનાનો લાબ લીધો. શ્રી થાણા જૈન સંઘનું નવકારશી આયોજન કરેલ.

ઘાટકોપર શ્રી જીરાવલ્લા દાદાના દર્શન કરીને પ.પૂ.સા.શ્રી રત્નરેખાશ્રીજી મ.સા.આદી ઠાણાને ગુરૂવંદના કરી. ઘાટકોપર સંઘે સાધર્મિક ભક્તિનો સુંદર લાભ લીધો.

ચેમ્બુર આદિનાથ દાદાના દર્શન કરી પ.પૂ.સા.શ્રી ચારૂદર્શનાશ્રીજી મ.સા.ને વંદન કર્યા.

વડાલામાં શ્રી સિમંધર સ્વામીના દર્શન તથા પ.પૂ.સા.શ્રી અભયગુણાશ્રીજી શિલાબેન આદીઠાણા મ.સા.ને ગુરૂવંદના કરી.

મસ્જિદ બંદરમાં અનંતનાથ દાદાના દર્શન તથા પ.પૂ.યતીવર્ય શ્રી મોતીસાગર મ.સા.ને વંદન કરી પ.પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી, પ.પૂ.સા.ખંતીગુણાશ્રીજી તથા આપણા ગામના પ્રથમ એકમેવ બાલસાધ્વી પ.પૂ.સા.શ્રી મલ્લીગુણાશ્રીજીને ગુરૂવંદના કરી. શ્રી મસ્જીદ બંદર જૈન સંઘે બપોરની સાધર્મિક ભક્તિ કરેલ.

વાલકેશ્વરમાં બાબુ અમીચંદ જૈન દેરાસર તથા ચંદનબાળા દેરાસરના દર્શન કરી ભાયખલામાં શ્રી આદેશ્વર દાદાના દર્શન કર્યા.

માટુંગામાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુના

## રાયપુર સંમેલનમાં પ્રતિનિધિત્વ

શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના નેજા હેઠળ રાયપુરમાં ડિસેમ્બર ૨૦૧૪ની શુક્રવાર તા.૨૬, શનિવાર તા.૨૭ અને રવિવાર તા.૨૮ના મળી રહેલા સમસ્ત મહાજનના નેજા હેઠળ પ્રથમ તથા ૪ થા જ્ઞાતિ સંમેલનમાં પ્રતિનિધિત્વ અંગે સમસ્તના સેક્રેટરી જનરલ તરફથી અખબારી યાદી દ્વારા અનુરોધ કરાયો છે કે મહાજનશ્રીઓ પોતાના કાર્યક્ષેત્રમાંથી એક અથવા દર દસ કુટુંબ દીઠ એક જે વધારે હોય તે પ્રમાણે ગણત્રી કરી પ્રતિનિધીશ્રીઓને સંમેલનમાં મોકલવા યથા યોગ્ય કરે.

આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે ભાગ લેવા ઈચ્છુક જ્ઞાતિજનોને પણ નમ્ર નિવેદન કે પોતાના મહાજનનો સંપર્ક સત્વરે સાધી પોતાની ઈચ્છા દર્શાવે જેથી સંબંધિત મહાજનોને પણ કાર્યવાહી આગળ વધારવા અનુકુળતા રહે.

અતઃ સમયસર ઉક્ત પ્રક્રિયા હાથ ધરાયે પૂર્ણ થયેથી સંમેલન સ્થળે ઉચિત વ્યવસ્થા કરવામાં સમસ્ત મહાજન તથા યજમાન મહાજનશ્રીને પણ સરળતા થશે.

ખુલ્લા ચર્ચાસત્રમાં તમામ જ્ઞાતિજનો સામેલ થઈ, રજુ થનાર સુચિત ખરડાઓ અંગેની ચર્ચામાં ભાગ લઈ શકે છે.

આ સંમેલનમાં પધારવા સમસ્ત જ્ઞાતિને ભાવભર્યુ નિમંત્રણ છે.

દર્શન કરી પ.પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.તથા પ.પૂ.સા.શ્રી અનંતયશઅશ્રીજી મ.સા.ને ગુરૂવંદના કરી. બસમાં જ ચૌવિહાર કરી મુલુંડ તરફ પ્રયાણ કરી પરત વાસુપૂજ્ય દેરાસર જઈ જરૂરી સૂચનાઓ તથા આભાર માની સૌ છુટા પડયા.

## રંગપુર ગામના તપસ્વીઓની યાદી

હાલારના રંગપુરગામમાં પ. પૂ. સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. અને પ. પૂ. સા. શ્રી કોટિગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણની ઉજવણી થઈ. સ્વપ્નદશનિનુંધી ૧,૮૦,૦૦૦ મણ થયું.

ઉપવાસ - માસ ખમણ ઉપવાસ ૩૧ : અ. સૌ. હંસાબેન વિનોદ શીવજી ધરમશી - રંગપુર, ઉપવાસ - ૧૬ : અ. સૌ. કુસુમ અશોક શીવજી ધરમશી - રંગપુર, ઉપવાસ -૯ : ગં. સ્વ. મનોરમા અશોક કેશવજી માલદે - દલતુંગી, કુમારી સ્નેહા ગુલાબચંદ નાગડા - રંગપુર, શ્રી પ્રકાશ કાંતીલાલ લધુભાઈ ધરમશી - ગોરખડી, ઉપવાસ - ૮, અ.સૌ. વિજયાબેન અશોક લાલજી લાલકા - રંગપુર, કુમારી દીશા ચેતન દામજી નાગડા - રંગપુર, કુમાર ઈલમ રમેશ ગાંઝજી ધરમશી - રંગપુર, રસીલાબેન નેણશી લાપસીયા - દલતુંગી, અ.સૌ. કુસુમ ઝવેરચંદ ગાંગજી ધરમશી - રંગપુર, શ્રી રમેશ હંસરાજ જીવરાજ નાગડા - રંગપુર, અ.સૌ. પ્રવિણાબેન દીનેશ કુંવરજી ધરમશી - રંગપુર (૪૫ આગામ તપ અને અઠ્ઠાઈ).

## જ્ઞાતિજનો ટ્રાન્સપોર્ટ એસોના પદાધિકારી

બોમ્બે ગુડ્સ ટ્રાન્સપોર્ટ એસોસીયશનના હોદ્દેદારો તરીકે ચીમનલાલ હીરજી ખોના-પ્રમુખ તેમજ જતીન ટી ધરમશી અને નિમિત એમ. મોમાયા સમિતિના સભ્ય તરીકે ચૂંટાયા છે.

## જલગાંવ કે.ડી.ઓ. તપસ્વીઓની યાદી

૧. ઉપવાસ : અજય રતનશી સોની (સાંયરા), ૮ ઉપવાસ : કુ. શ્રીયા સંજય સોની (સાંયરા), ચી. ભુપેશ પંકજ સોની (સાંયરા) જલગામ, ચી. નીલેશ ભરત ખોના (સાંયરા) સોનગઢ, શ્રી ધવલ ગીરીશ પોલડીયા (ગોએરસમાં), સૌ. ખુશીમતીબેન નવીનચંન્દ્ર ખોના (વાંકુ), સૌ. દક્ષાબેન રાજેન્દ્ર મોમાયા (બારોઈ), સૌ. ચેતના હિતેશ મોમાયા (જખૌ).

## શ્રાવક આરોગ્યમ મેડિકલ ઈન્સ્યુરન્સ

મુંબઈ મહાજનશ્રી, અનંતનાથજી ટ્રસ્ટ અને શ્રી રાયચંદ હંશરાજ ધરમશી પરિવાર તરફથી (પ.પૂ.શ્રી નયપદ્મશ્રીજી મહારાજ સાહેબની પ્રેરણાથી) ઉક્ત મેડિકલ ઈન્સ્યુરન્સ (અકસ્માત મૃત્યુ વીમા સહિત)નું છત્ર મેળવવા કોઈપણ ૮૦ વર્ષ સુધીના (શરૂઆતના ૧૦૦૦) જરૂરિયાતમંદ જ્ઞાતિજન રૂ.૬૦૦/- (રૂ.૧૮૦૦/- ને બદલે) ભરી, આ યોજનાનો લાભ લઈ શકે છે. કોઈ મેડિકલ ચેકઅપની જરૂર નથી. સંપર્ક : 022-23448274 અરજી પત્રકો સર્વોદય મંડળ - મુલુંડ, શ્રી ક.દ.ઓ. મંડળ, ડોંબિવલી, અનંત સિધ્ધિ (ભાડુંપ), જી.વી.સી સંઘ, કાર્યાલયે મળી શકશે.

# સાંધામાં સોજો - આર્થ્રાઈટીસ

ડો. વીરચંદ ધરમશી M.B.B.S મુલુંડ - 9821385652

આર્થ્રાઈટીસ એટલે સાંધામાં સોજા કે સાંધાનો વા. આર્થ્રોસ એટલે સાંધો અને આઈટીસ એટલે સોજા (ઈન્ફ્લેમેશન) સામાન્ય રીતે લોકો સાંધો દુખે એટલે સંધિવાત થયો છે એમ સમજે પણ સાંધામાં સોજાના અલગ અલગ પ્રકાર છે.

૧. બાળકોને ૪ થી ૧૨ વર્ષની વયમાં એક પ્રકારનો તાવ જેને ર્‌હ્યુમેટીક ફીવર કહે છે જેમાં તાવ સાથે બાળકના સાંધામાં સોજા આવી દુઃખે છે. આમાં ૧ પછી ૧ અલગ અલગ સાંધા દુઃખે છે. આવી ફરીયાદ હોય ત્યારે બાળકને સંપૂર્ણ આરામ કરાવવો અને તરત જ ડોક્ટરને બતાવી યોગ્ય ઈલાજ કરવો, નહીં તો હૃદયના બાલ્વને નુકશાન થાય છે.

૨. એન્કીલોસીંગ સ્પોન્ડીલાઈટીસ : આ બિમારીની શરૂઆત ૧૫ થી ૨૫ વર્ષની વયે થાય છે. ઘણું કરીને પુરુષોને થાય છે. કરોડ રજ્જુના સાંધામાં કે કમરના બાજુના ભાગમાં આવેલ સેક્રોઈલીઆક સાંધામાં સોજા આવે છે.

૩. રયુમેટોઈડ આર્થ્રાઈટીસ (આમવાત) : આની શરૂઆત ૨૫ થી ૩૫ વર્ષની વયમાં થાય છે. સ્ત્રીઓમાં પ્રમાણ વધુ (૩ સ્ત્રીઓની સરખામણી એ ૧ પુરુષને થાય) હાથ અને પગના પંજાના નાના સાંધાઓમાં સોજા આવે છે.

૪. ઓસ્ટીઓ આર્થ્રાઈટીસ : શરીરના વજનને સહન કરતા મોટા સાંધાઓમાં સોજા આવે છે. ઘણું કરીને ૪૦ વર્ષની ઉંમર પછી થાય છે. સાદીભાષામાં આને આપણે સંધીવાત કહીએ છીએ. પગના પંજાના સાંધા, ગરદન, કમર થાપાના અને ઘુટણના સાંધામાં થાય છે.

૫. ગાઉટ : ૪૦ વર્ષની ઉંમર પછી આ બિમારી લાગુ પડે. ઘણું કરીને પગના અંગુઠા સોજા, દુખાવાથી શરૂઆત થાય છે. લોહીમાં યુરીક એસિડ વધવાથી આ તકલીફ થાય.

આપણે આ બધા સાંધાના સોજાની બિમારીના ઉંડાણમાં ન જતાં, સામાન્ય સાંધાના સોજાની તકલીફ, સંધીવાત વિશે જોઈએ. સંધીવાતમાં સાંધામાં સોજા થયા છે. સોજા લાંબા સમય સુધી રહે છે, સતત દુઃખાતો થાય છે. સાંધામાં કડકપણું, સાંધાના હલા ચલનમાં તકલીફ ખાસ કરીને સવારના કે ઘણીવાર બેસી રહીએ અને પછી ચાલીએ ત્યારે થાય સાંધાના આકારમાં બદલાવ અને કાયમી બોડ પણ થઈ શકે. મુખ્યત્વે સાંધાનો ઘસારો થાય છે અને ઉંમર વધે તેમ ઘસારો વધે. સંધીવાતના બે પ્રકાર છે.

૧. પ્રાયમરી એટલે કે સાંધાના ઘસરાને લીધે થતો સંધીવાત ૨. શેકન્ડરી જે ફ્રેકચર થયા પછી સાંધામાં સોજો થાય.

સાંધામાં બે હાડકાં એકબીજાનો મળે છે, હાડકાના છેડે કાર્ટીલેજ હોય છે જે શરીરનું વજન અને આંચકા ને સહન કરે છે. સાંધામાં સાયનોવિઅલ ફ્લુઈડ હોય છે જે લુબ્રીકેશન આપે છે. સ્નાયુ અને લીગામેન્ટસ વડે સાંધાને સંતુલન આ સ્ટેબીલીટી મળે છે. જેમ જેમ ઉંમર વધે તેમ સાંધાના વપરાશને લીધે આ કાર્ટીલેજ ઘસાય છે. વધુ વરપાશ કે ઈજાથી સંધિવાત જલ્દી થાય છે. આ સાથે જીન્સ જાડાપણું, ખાવા - પીવાની આદતો. અને આજની જીવનશૈલી વગેરેને સંધીવાત સાથે ખુબ ઘનિષ્ઠ સંબંધ છે. રમતવીર (અયલેટીક્સ) અને ડાન્સ કરનારને સંધીવાત જલ્દી થાય છે. ખાસ કરીને ૪૦ વર્ષથી નાની વયની સ્ત્રીઓમાં પણ હાલ સંધીવાતનું પ્રમાણ વધ્યું છે.

ઘેરા લીલા શાકભાજી, વધુ પ્રોટીન વાળા ખાદ્યો, વિટામીન ડી અને કેલ્શીયમ યુક્ત પદાર્થોનું સેવન કરીએ ખાવામાં સાકરનું પ્રમાણ ઓછું રાખીએ નથી તો કેલ્શીયમ ફોસ્ફેટનું નાજુક બેલન્સ ખોરવાય અને હાડકાં, દાંત નબળા પડે. ખાવા પીવાની ટેવો બદલીએ, જંકફુડ, વધુ પડતા તળેલા, મીઠાવાળા પદાર્થો ધુમ્રપાન દારૂ વગેરે ત્યજીએ વજન નિયંત્રણમાં રાખીએ, વધુ વજન હોય તો ઘટાડીએ. સાંધાને અંદરથી જાપમ ન થયા એનું ધ્યાન રાખીએ. સતત સાંધા પર દબાણ આવે એવા વ્યાયામ ટાળીએ વ્યવસ્થિત પગરખાં વાપરીએ. ગરજ પ્રમાણે કસરત કરીએ સાંધા ખુબ દુઃખતા હોય, સાંધામાં સોજા હોય ત્યારે કસરત ન કરીએ કસરત પહેલા વોર્મઅપની આદત પાડીએ. નિયમીત સ્ટ્રેસીગ કસરત કરીએ, સાંધામાં સોજા વધુ દુઃખાવો હોય તો એ સાંધાનો વધુ પડતો વપરાશ ટાળીએ, ફીજીઓથેરપીસ્ટ કહે તે પ્રમાણે કસરત કરીએ. સાંધાઓ માટેની સપોર્ટ સપ્લીમેન્ટસ વાપરીએ. દવાઓ કે સાંધામાં ઈજેન્કશન કે જરૂર પડે તો ઓપરેશન પણ કરાવવું પડે.

રીસર્ચમાં જણાયું કે યોગ્ય કસરત કરવાથી, હિલચાલ કરવાથી દુઃખાવો ઘટે છે. સાંધાનું કાર્ય સુધરે છે અને જલ્દીથી સાંધાની ખોડ આવતી નથી. કસરતથી સ્નાયું મજબુત થાય છે. સાંધાની કડકાઈ (સ્ટીફનેસ) ઘટે છે, શરીરનું વજન ઘટે છે, ઓસ્ટીઓપોરોસીસ ઘટે છે અને આપણે તરોતાજા અને સ્ફૂર્તીવાળા થઈએ છીએ.

કસરતથી ૬૦ વર્ષના કે તેવી ઓછી વયના હોય અને ઢીંચણનો દુખાવો કે તકલીફ હોય તેમને ફાયદો થાય અને તકલીફ ન હોય તેમને ઢીંચણ નો સંધીવાત થતો નથી.

(ઢીંચણ (ઘુંટણ) માટેની કસરતો હવે પછી)

## આડી ચાવી

૧. સમાજવાદી પાર્ટીના એક નેતા (૫)
૪. જડવાની રીત (૪)
૬. ઇચ્છા (૩)
૭. રસ્તો, સડક (૨)
૯. શાકભાજી કાપવા વપરાય (૨)
૧૦. પરદેશ, વિદેશ (૪)
૧૧. ડગવું તે, અસ્થિરતા (૨)
૧૩. માળનો બહાર પડતો ભાગ (૩)
૧૫. કૃપા, બિક્ષાસ (૪)
૧૬. મુકદમો, સરંજામ (૩)
૧૮. રિશી કપૂર-જયા પ્રદાની એક ફિલ્મ (૪)
૨૦. માછલાં પકડવાનો આંકડો (૨)
૨૨. બદલો, માટે (૨)
૨૩. સિંહની ગર્જના (૩)
૨૫. ઈતિહાસ (૪)
૨૬. કાંજી, ઘેંસ (૨)

## શબ્દાનંદ



૨૭. પિતાની બહેન (૨)
૨૯. ઝાડ (૨)
૩૧. હોલૅન્ડનો વતની (૨)
૩૩. વિષ્ણુનો પાંચમો અવતાર (૩)
૩૪. છેક જ જૂજ સમય (૨)
૩૫. એક ખાટ્ટું ફળ (૩)

## ઊભી ચાવી

૧. આરોપ, વાંધો (૩)
૨. કેફની ખુમારી (૨)
૩. નવો ફૂટેલો અંકુર (૪)
૪. લોકોનો આદેશ (૪)
૫. અધીરાઇ, ચંચળતા (૫)
૮. ધ્રુજારી, બીક (૩)
૧૨. રાજવંશીઓને ગુજરાત માટે આપેલી જમીન (૩)
૧૪. માલ વેચવા- સાટવાનો ધંધો (૩)
૧૫. જ્ઞાત, અવગતિ પામેલું (૪)
૧૬. છીણીનો કરેલો છુંદો (૩)
૧૭. લાલચ, તૃષ્ણા (૨)
૧૮. પાર્વતી, ગાયત્રી (૨)
૧૯. ઘોંઘાટ, અવ્યવસ્થા (૪)
૨૧. અમુક મુદતે આપવાની રકમ (૪)
૨૨. કાળ, સમય (૩)
૨૪. ખાંસી, ઉધરસ (૨)
૨૮. માણસ, વ્યક્તિ (૩)
૩૦. લૂખું, શુષ્ક (૨)
૩૨. બાળભાષામાં ચકલો (૨)




**4 Digit Nos :** 1562, 1643, 2389, 4677, 4729, 5168, 6722, 7154, 8266, 8449, 9352.

**5 Digit Nos :** 12435, 21674, 38192, 56318, 74183, 75241, 81359.

**6 Digit Nos :** 245119, 283489, 291245, 391265, 635129, 894865, 931286.



**NUMBER GAME**

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 26, 28, 41, 46, 53, 67, 71, 81, 98.

**3 Digit Nos :** 175, 178, 272, 384, 436, 786, 883.

**THERE IS NO REVENGE SO COMPLETE AS FORGIVENESS**

## નવા/બદલાયેલા સરનામા – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **સોમચંદ પ્રેમજી ગોસર** | એફ/૫૦૧, ૫માં માળે, ૧૨એ-સોનમ ટાવર કો-ઓપ. હા.સો.લિ, શ્રી આદેશ્વર જૈન મંદિર માર્ગ, મીઠાલાલ જૈન બંગલોની સામે, ન્યુ ગોલ્ડન નેસ્ટ, ભાયંદર (પૂ) થાણે - ૪૦૧૧૦૫ |
| **ચિતેશ કુલનિકાંત મુનવર** | પ્લોટ નં ૪૭, ન્યુ આદિનાથ હાઉંસીગ સોસાયટી, વોર્ડ ૯બી/ડી, ભારત નગર, પોસ્ટ ગોપાલ પુર, ગાંધીધામ કચ્છ |

## નવા/બદલાયેલા ફોન નંબર

**સચિન રાજેન્દ્ર સોની** 09898276767

**નમ્રતા આશિષ સોની** 07798456669 / 9373645474

**આશિષ મેઘજી સોની** 02562-229011/09372439546/07798458883

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૮.૧૪ | જલગામ | પ્રનીકા-જીગ્ના/દિપેન લાલકા | નલીયા | પુત્રી |
| ૦૩.૦૯.૧૪ | ભાડુંપ | ધીર-કવિતા/પ્રતિક વિનય લોડાયા | ભરૂડીયા | પુત્ર |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૯.૧૪ | લખનૌ | અવિનાશ પ્રકાશચંદ્ર શ્રીવાત્સવ | - | - |
| | કોચીન | ઉર્વશી નલીન મોમાયા | વારાપધર | - |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૦૯.૧૪ | બીજાપુર | મણીબાઈ પદમશી રામજી નાગડા (પટેલ) | સાંધાણ | ૮૨ |
| ૨૬.૦૯.૧૪ | ભાડુંપ | ધનબાઈ શિવજી ચત્રભુજ લોડાયા | સાંયરા | ૮૭ |

## તપસ્યા



**માહિ રાજેન્દ્ર લાલકા**
**૮-ઉપવાસ**
મસ્જીદ બંદર -બાંઢીયા



**તૃપ્તી રાજેશ ખોના**
**૧૭-ઉપવાસ**
પાંચોરા



**મીનલ પારસ ધરમશી**
**૮-ઉપવાસ**
અંબરનાથ - સુથરી



**ચંદનબેન દિનેશ લોડાયા**
**સિધ્ધિતપ**
ડોંબિવલી-વારાપધર



**ધૈર્ય મનિષ ધરમશી**
**૮-ઉપવાસ**
**વડાલા-કોઠારા**



**વસંત શીવજી પોલડીયા**
**૯-ઉપવાસ**
બડગરા-બાયઠ



**નયના નરેન્દ્ર લોડાયા**
**૮-ઉપવાસ**
બડગરા- વારાપધર



**જયવંતી ગુલાબચંદ છેડા**
**૧૬-ઉપવાસ**
**સુરત**



**કમળાબેન ગુલાબચંદ ધરમશી**
**૮-ઉપવાસ** સાંધાણ

## પાસ થયા – હાર્દિક અભિનંદન



**ડો. દિશા ભુપેન રાયચંદ મોમાયા (ગંદુર)**
M.Sc Clinical Physiotherapy
Bangalore

# શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ
ઘાટકોપર (મુંબઇ)

# શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય
ઘાટકોપર (મુંબઇ)

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

K.D.O. STUDENTS ASSOCIATION
Estd. 1954

61
Shree KDO Students Association

# કપડા અને દવાઓના
સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા જરૂરતમંદો માટે
# કલેક્શન માટે અપીલ





**શનિવાર, ૧૧.૧૦.૨૦૧૪ અને રવિવાર, તા. ૧૨.૧૦.૨૦૧૪**

**શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય અને શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ**ના તરવરીયા યુવા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ દ્વારા **શ્રી શીવજી કુંવરજી વિકમશી (લાલબાગ) અને શ્રી કુલીનકાંતભાઇ લુઠીયા (માનવ જ્યોત – મુલુંડ)** ના સાથ સહકાર, માર્ગદર્શન અને પ્રોત્સાહનથી શનિવાર, ૧૧.૧૦.૨૦૧૪ થી રવિવાર, તા. ૧૨.૧૦.૨૦૧૪ જ્ઞાતિજનો/જનતા પાસેથી વણવપરાયેલ અને તેમને બિનઉપયોગી, કપડા, રદ્દી પેપર અને દવાઓ મેળવવાના એક સેવાયજ્ઞનું આયોજન કરી રહ્યા છે. જ્ઞાતિજનોને જાહેર અપીલ કરવામાં આવે છે કે આ સેવાકીય યજ્ઞમાં વિદ્યાર્થીઓને વધુમાં વધુ સાથ સહકાર આપવાની જાહેર વિનંતી.

આ વસ્ત્રો તથા દવાઓ મુલુંડની માનવતાની મહેંક ફેલાવતી માનવજ્યોત સંસ્થાને પહોંચાડવામાં આવશે. જે ગુજરાત, મહારાષ્ટ્રના જુદા-જુદા ગામોમાં જરૂરતમંદોને વિનામુલ્યે પહોંચતા કરશે.

**મસ્જીદ બંદર**
મિત્તલ તિલેશ ધરમશી (સુથરી)
અનંતભુવન, મસ્જીદ બંદર
મો. 9773008712

**નાલાસોપારા**
મોક્ષા પિયુષ લોડાયા (સાંયરા)
મો. 9028834413

**સાયન / માટુંગા**
ઉમંગ વિમલેશ માલદે (સેવક ભરૂડીયા)
મો. 9769051277

**ઘાટકોપર (પૂર્વ) વિદ્યાવિહાર**
ઉર્મિન જયેશ લોડાયા (સુથરી)
મો. 9167060043
હેમિલ જયેશ દંડ (વરાડીયા)
મો. 9819985339

**ચેમ્બુર / ગોવંડી**
ફાલ્ગુન નિરેન લોડાયા (કોઠારા)
મો. 9167674079

**કાંજુરમાર્ગ (પૂર્વ) / પવઇ**
પુજા નિતીન લોડાયા (વારાપધર)
મો. 8286361451
ઉર્વેશ ભરત છેડા (નલીયા)
મો. 9022023778
જલ્પા પ્રફુલચંદ મોમાયા (જખૌ)
મો. 9702003644
કેવલ અભય ધરમશી (જખૌ)
મો. 9022273753
રાજ રોહિત જીવાણી (જખૌ)
મો. 9422870654

**ભાંડુપ (પશ્ચિમ) / નાહુર**
તેજસ મહેન્દ્ર ખોના (જખૌ)
મો. 8097466424
ઉદય મહેન્દ્ર મોમાયા (વારાપધર)
મો. 8655350409
નિરવ મહેન્દ્ર મોતા (રાપર ગઢવારી)
મો. 7666346732
ઉષ્મા અભય ડાઘા (વરાડીયા)

**ભાંડુપ (પશ્ચિમ) / નાહુર**
અર્પણ ફાલ્ગુન ખોના (નલીયા)
અનંત સિધ્ધી, ભાંડુપ
મો. 9930222189

**મુલુન્ડ (પ.) / માનવ જ્યોત (મુલુન્ડ)**
ભૈરવી ભરત લોડાયા (રાપર ગઢવારી)
મો. 9819091478
એકતા ઉદયન લોડાયા (મોટી સિંધોડી)
ફોરમ ઉદય નાગડા (રાપર ગઢવારી)
મો. 9969528677

**થાણા (પશ્ચિમ) / કલવા**
પુજા મુકુલ ધરમશી (નલીયા)
લબ્ધી – ઉર્વી નિરેન લોડાયા (નલિયા)
મો. 9757422880
નિકીતા ભાવેશ લોડાયા મો. 9819239678
જિનેન ગિરીશ ધરમશી મો. 9167700093

**કલ્યાણ**
નીલીમા અશોક મુનવર (જખૌ) મો. 8080847978

**વાશી (નવી મુંબઇ)**
દિવેશ યોગેશ લોડાયા (તેરા) મો. 9320315561

**ડોંબિવલી (પૂર્વ)**
અનુજ ગીરીશ લોડાયા (રવા)
મો. 9579787800
ધર્મીતા અનુજ લોડાયા (રવા)
સૃષ્ટિ કિરીટ લોડાયા (સાંયરા)
મિત્તલ રતીલાલ નાગડા (કોઠારા)
મો. 9619693691
જૈનિશ જયેશ ધરમશી (સુથરી)
મો. 9820507317
હરીશ લક્ષ્મીચંદ સાયલા-મંજલ રેલડીયા
મો. 9076452243

**ડોંબિવલી (પશ્ચિમ) / કોપર**
શુભમ મહેન્દ્ર લાપસીયા (દલતુંગી)
મો. 8898451456
રાકેશ અભય મૈશેરી (મોટી સિંધોડી)
મો. 7208000294
રિષી જગદીશ લોડાયા (સેવક ભરૂડીયા)
મો. 9167281086
બીના નિલેશ મૈશેરી (વારાપધર)
મો. 7506176319



જેટલું ધ્યાન અને સમય આપણે શાકભાજી પસંદ કરવામાં લગાવીએ છીએ
એનાથી પણ અડધો સમય આપણે દેશના નેતાઓ માટે લગાડીએ છીએ ?
કોઇ જેવા-તેવાના હાથમાં આપણે આપણી દીકરી નથી સોંપતા તો
પછી આપણો દેશ કેમ સોંપી શકીએ ?
જે આજે આપણા વોટ ખરીદશે
તે કાલે આપણને જ વેંચશે !

**અચ્છે કો ચુને...**
**સચ્ચે કો ચુને...**

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી
તા. 15.10.2014
**વોટ** અપીલ
શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ - મુંબઇ

## જ્યારે કોકનું અંગુલિનિર્દેશ કોકને આસમાને પહોંચાડે છે ત્યારે...



**તાજેતરમાં જ સમાજસેવક તરીકે જેમને જાયન્ટસ ઈન્ટરનેશનલ એવોર્ડ એનાયત થયો છે અને તે પહેલાં બિરલા સભાગૃહમાં અહિંસાધામ એવોર્ડ તેમજ મહાવીર ઈન્ટરનેશનલ તરફથી ટ્રોફી ઉપરાંત નેશનલ કાઉન્સીલ ઓફ સિનીયર સીટીઝન્સ તરફથી સમાજસેવામાં ડબલ ગોલ્ડ મેડલ મળી ચુક્યા છે તે વી. એલ. વી. જી. ના ભૂતપુર્વ વિદ્યાર્થી શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયાએ માનવસેવાર્થે માનવજ્યોત ટ્રસ્ટના સૂત્રધાર તરીકે સમાજસેવાની પ્રવૃતિને આજે ચારચાંદ લગાડયા છે.**

**તેમણે આપણી બોર્ડિંગમાં જ રહી પોતાની કેરીયર તો બનાવી જ પણ સાથે સાથે ''સમાજસેવા'' રૂપી એક બીજ પણ લેતા ગયા. તેમણે તે બીજમાંથી નાનું રોપું તૈયાર કર્યુ. એ રોપાને દાતાઓ તેમજ જરૂરતમંદોની દુનિયાએ પાણી પાયું. ઉછેર્યુ અને ખાતર નાંખ્યું. આજે સમાજસેવાનાં એક વટવૃક્ષ રૂપે અનેક નક્કર તેમ જ રચનાત્મક કાર્યોમાં તેઓ અવ્વલ નંબરે લોકપ્રિય થઈ ચુક્યા છે.**

**આજે તેમની જ કહાની તેમની જ વાણીમાં....**

'કુલીન તું મને કહે, આપણે ખાવા માટે જીવીએ છીએ કે જીવવા માટે ખાઈએ છીએ ? મને રસોઈ વિષે કોઈ ફરિયાદ ના જોઈએ. you must concentrate on your studies"

બોર્ડિંગના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શીવજી કુંવરજી વિકમશી સમક્ષ બોર્ડિંગના રસોડાના ગોપાલ મહારાજની રસોઈની બનાવટ અંગે કેટલીક ક્ષતિઓ તરફ તેમનું ધ્યાન દોરવા એક લાંબાલચક લીસ્ટ સાથે ફરિયાદીઓના એક નાના ગ્રુપ સાથે યોજાયેલી બેઠકમાં શ્રી શીવજીભાઈએ મને ઉપરોક્ત શબ્દો કહ્યા.

મારી હોસ્ટેલ લાઈફ સોરી, આપણી જ ભાષામાં બોર્ડિંગનું જીવન એ મારા જીવનનો ગ્લીટરીંગ, ગોલ્ડન, ગ્લોરીયસ પીરીયડ રહ્યો. સમાજે મને ખવડાવ્યું, પીવડાવ્યું, છત્ર આપ્યું, સ્કુલ ફી, કોલેજ ફી, પુસ્તકો, વસ્ત્રો, બુટ, ખાધા - ખોરાકી અને કેરીયર બનાવવાની સર્વે સવલતો અને સુવિધાઓ ઊભી કરી આપી. બધુંય ફ્રીમાં ! બોર્ડિંગના ખર્ચે જ.

સમાજના ખર્ચે (બોર્ડિંગના જ ખર્ચે) કેરીયર બનાવી તો હવે સમાજને પાછું પણ વાળવાની મારી કોઈ નૈતિક જવાબદારી ખરી કે નહીં ? સમાજમાંથી ઘણું ય પામ્યા છીએ. આજે સમાજને કારણે જ પૈસે ટકે સુખી છીએ, તો એ વળતર વાળવાની ઘડી કઈ ? આ વિચાર મારા ભેજામાં કેરીયર બનાવ્યા પછી તુરંત ત્યારે સતત ગુંજતો રહેતો. ત્યારે બોર્ડિંગમાં મહેતાજીની જગ્યા ખાલી થતાં, આસીસ્ટન્ટ ગૃહપતિ તરીકે પણ સેવા બજાવવા, એક નાનીશી નોકરી સ્વીકારી અને અર્નીંગ એન્ડ લર્નીંગની પ્રવૃતિ ચાલુ કરેલી.

તેમની એ પ્રસંગની કડક સલાહ મારા મગજમાં સોંસરી ઘુસી ગઈ અને ભારે મહેનત કરી અભ્યાસમાં જ સંપુર્ણ ધ્યાન કેન્દ્રિત કર્યુ. એ ઘટનાના જબરદસ્ત પરિણામો આવ્યા CA ની કેરીયર બનાવતાં નાકે મને દમ તો આવ્યો જ. એક વખત ફેઈલ થયેલા વિદ્યાર્થીને બીજા વરસે સંસ્થામાં નહીં લેવાનો શિરસ્તો હતો પરંતુ મારા માટે પહેલી વાર સંસ્થાએ, સોરી, પહેલી વાર નહીં. અનેકવાર બાધારૂપ રાખ્યો નહોતો. એક ઓર વધુ ચાન્સ તો આપીએ, તેવું વલણ અપનાવેલું.

સાત સાત વાર નાપાસ થયો ચોપડાં ઉથલાવી આખરે થાક્યો. ત્યારે CAના રીઝલ્ટનું પ્રમાણ માં ૮ થી ૧૦ ટકા આવતું. પણ સખત મહેનતને કારણે ફાઈનલી પાસ જાહેર થયો ! તેનું પરિણામ એટલે ''ચાર્ટડ એકાઉન્ટન્ટ'' બન્યો.

ત્યારે બોર્ડિંગના મેનેજમેન્ટે અર્નીંગ એન્ડ લર્નીંગના નવા કન્સેપ્ટને તે વખતના જમાનામાં નવોસવો અમલમાં મુક્યો હતો, જે અનેક વિદ્યાર્થીને આર્શીવાદ સમો પુરવાર થયો હતો.

કેટલાક સંભારણા મન પ્રદેશ પર કાયમની છાપ મુકતા ગયા. એ દિવસોમાં નોટિસ બોર્ડ ઉપર સ્કેચ પેનથી બોર્ડર પાડેલા અને વચ્ચે સુંદર લેખનથી લખાયેલા લેખ ડીસ્પ્લે થતા, જેની તક મને સોંપાઈ. એટલે એ કળાનો

પણ અદભુત વિકાસ મારા જીવનમાં થઈ શક્યો. આજે અખબારો, મેગેઝીનો વિગેરેમાં મારા લેખો છપાતા રહે છે. મુંબઈ સમાચાર, જન્મભુમિ અને ક.દ.ઓ. પ્રકાશમાં ૧૦૦૦ થી વધુ સમાજ કલ્યાણ, સરકારી નીતિ, અને તત્કાલીન વિષયો પરના પત્રો છપાયા હશે, જેનો યશ બોર્ડિંગની એ પ્રવૃત્તિને જ આભારી કહીશ. આજે સંસ્થાઓ માટેના વાર્ષિક અહેવાલો, દાન માટેની અપીલો, પેંફલેટ, બ્રોશર, વિગેરે બનાવી સમાજને ઉપયોગી લખાણો લખી જનજાગૃતિ માટે પ્રવૃતિમય છું.

શ્રી તુલસીદાસ યુ. શાહ ટુંકમાં ટી. યુ. શાહ સાથે રસીદ બુક લઈ શ્રી દેવકાંબેન ઝવેરચંદ પદમશી, મેઘજી વેલજી મોતા, કાનજી નરશી મુનવર, લક્ષ્મીચંદ લાલજી રામજી, ગોવિંદજી પુનશી મોમાયા અને ઝવેરચંદ શેઠ જેવા ધુરંધરો સાથે દાતાઓની ઓફિસે, તેમની કંપનીઓમાં જતો અને દિવાળી બોણી ઉઘરાવતા. એ દિવસોના અનુભવોએ મને દાતા સાથે કેમ વાતચીત કરવી, સંસ્થાની પ્રવૃતિની રજુઆત કરવી અને કેમ ભંડોળ એકઠું કરવાના પ્રથમ પાઠ શીખ્યો, આજે એ અનુભવ સમાજ સેવાના અંગરૂપે મને અત્યંત ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. એ અનુભવે આજે રૂપિયા આઠ કરોડના અનુદાનને આંબવામાં પાયાના પત્થર બનવાનું કામ કર્યુ છે.



જીવનમાં એક ટર્નીંગ પોઈન્ટ આવ્યો. મોઢ વણિક સમાજના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સુરેશ ગીરધરલાલ શાહ એક જસ્ટ ઉગતા પ્રોફેશનલનો પરિચય થયો. તેમણે જણાવ્યું કે તેમને સમાજસેવાની પ્રવૃતિમાં આટલો બધો રસ છે તો તે તરફ જ વળો. હું આ પ્રોફેશનનું ધ્યાન રાખીશ. સાક્ષાત ભગવાને મોકલેલા ભાગીદાર મળ્યા!

ત્યારની ઘડી અને આજનો દિવસ. આજે છેલ્લા ૨૫ વર્ષથી મારા આવકના સાધન વ્યવસાય તરફ જરાય લક્ષ્ય આપવાને બદલે સંપુર્ણ સમય સમાજસેવામાં જ વ્યતિત કરૂં છું.



સમાજે મને જે કાંઈ આપ્યું છે તે કોઈ હદે પરત આપી શકું તે માટે સતત સમાજસેવાના કાર્યોમાં વ્યસ્ત રહી નાના મોટા સેવાકાર્યો અને નિષ્ઠાથી કોઈકનું કંઈક કરી છુટવાની ભાવનાથી કાર્યરત રહું છું.

આ બધું બન્યું વિદ્યાર્થીગૃહ થકી જ. મારી જિંદગીના એ અમુલ્ય અને અવિસ્મરણીય ૧૪ વરસ એટલે શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહમાં ગાળેલા મારા આખા આયખાનો લગભગ પાંચમો ભાગ!

જીવનમાં અદભુત ઘટનાનું એ પ્રથમ ચેપ્ટર બન્યું.

અભાવો અને વંચિતતાથી પીડિતજનોને મદદરૂપ થવાનો નેક પ્રયાસ કરું છું. તેમના પ્રત્યે સાત્વિકતા અને સૌજન્યશીલતા સાથે સહાનુભુતિ પ્રગટ કરી, તેમની અશાતા દુર કરવામાં નિમિત્ત બનું છું.

આજે અનેક સંસ્થાઓમાં ખુટતી કડી પુરવાનો નેક પ્રયાસ થયા છે.

આપણી બોર્ડિંગને બોલ્ડ અને બ્યુટીફુલ બનાવવા અને હોસ્ટેલને હેન્ડસમ એન્ડ હોલીસ્ટીક બનાવવા ચાલો, સંસ્થાની અપીલને આર્થિક ભંડોળથી છલકાવી દઈએ.

**કુલીનકાંત ચાંપશી લુઠિયા**

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ • સામાજિક કાર્યકર**

**મો. ન. 9820039469**

માનવજ્યોત : નિત્યાનંદ એપાર્ટમેન્ટ,
ડો. આર. પી. રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
ફોન નં. - 25673587 / 25919755

આવી મહાન સંસ્થા સાથે પોતાનું કે પોતાના વડીલોનું નામ જોડી ગૌરવ અનુભવવા માટેની સ્કિમો જાણવા જુઓ આ અંકનું ત્રીજું અને ચૌથું પાનું

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ı day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# હાર્દિક શ્રધ્ધાંજલિ



જન્મ :
તા.૮-૧૧-૧૯૪૯

દેહવિલય :
તા.૦૫-૦૯-૨૦૧૪

## સ્વ. વિરેન્દ્રભાઈ રાઘવજી લોડાયા

(ગામ - બાઢીયા - કચ્છ, હાલ અમદાવાદ)

ઘણાં સ્વજન આપણા જીવનમાં આવે છે અને ચાલી જાય છે પરંતુ કોઈક સ્વજન આપણાં દિલો-દિમાગ પર એક એવી અમીટ છાપ અંકિત કરી જાય છે કે તેઓને આપણે ક્યારેય ભૂલી શકતા નથી. આપ આવી એક અવિસ્મરણીય સ્વજન હતા. આપના સરળ, નિખાલસ પ્રેમાળ અને પરોપકારી સ્વભાવના કારણે આપ અમો સહુના આદરણીય બન્યા હતા. આપનું સાદગીભર્યું અને મૈત્રીપૂર્ણ જીવન સહુ માટે પ્રેરણારૂપ બનશે. આપના નિધનથી પરિવાર પર આવી પડેલા દુઃખને સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના. પ્રભુ આપના પવિત્ર આત્માને ચિર શાંતિ અર્પે, એ જ અમારી અભ્યર્થના...

લિ.

### માતૃશ્રી ઝવેરબેન ધનજી ધરમશી પરિવાર

કીર્તિ ધનજી ધરમશી - જ્યોતિ કીર્તિ ધરમશી
તરૂણ ધનજી ધરમશી - કલ્પના તરૂણ ધરમશી
લલિત ધનજી ધરમશી - જાગૃતિ લલિત ધરમશી
વીરેન કીર્તિ ધરમશી - ખ્યાતિ વીરેન ધરમશી
જતીન તરૂણ ધરમશી - સ્નેહલ જતીન ધરમશી

તથા સમગ્ર સ્ટાફ મેમ્બર

**Deluxe logistics Pvt Ltd**
Transport Contractors & Fleet Owners
DHARAMSHI RESORTS PVT. LTD.
DHARAMSHI HOLDINGS & DEVELOPERS PVT. LTD.

The Fun is always on at
DHARAMSHI RESORTS

**Corporate Office** : No. 55, Deluxe House, 2nd Cross, Kalasipalyam New Extension, Bangalore - 560 002, Ph. : 080-22224569, 22231718, 41530042, 41530043, 9844004445
**Regd. Office** : 25/26, Mahavir Darshan, 2nd Floor, 12 Bhandari Street, Mumbai - 400 003 Ph : + 91 22 4023 1718, + 91 22 4023 1717
**Regional Office** : 68, Thatha Muthiappan Street, C.5 Police Station, Broadway, Chennai - 600 001 Ph : 044-4216 2679 / 25234252
E-mail : info@deluxelogistics.in, Web : deluxelogistics.in

**Daily and Regular service in the states of Karnataka, Tamilnadu, Maharastra, Gujrat & Rajasthan**

FULL LOADS ACCEPTED THROUGHOUT INDIA

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,